dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 278 | AD - 2026, Jeth Vad -((0 | Tuesday, Dt. 14-07-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### એસઆઈટીને તપાસનો સ્ટેટસ રિપોર્ટ સીલબંધ કવરમાં રજૂ કરવાનો આદેશ, ૨૦ જુલાઈએ આગામી સુનાવણી

# રામ મંદિર દાનચોરી કેસમાં સુપ્રીમ કોર્ટ કડક, કેન્દ્ર-યુપી સરકાર અને ટ્રસ્ટને નોટિસ

નવી દિલ્હી, તા.૧૩

અયોધ્યાના રામ મંદિર સાથે જોડાયેલા દાનચોરી કેસમાં સુપ્રીમ કોર્ટે મહત્વપૂર્ણ કાર્યવાહી કરતાં કેન્દ્ર સરકાર, ઉત્તર પ્રદેશ સરકાર અને શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટને નોટિસ જારી કરી છે. સાથે જ ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા રચાયેલી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી)ને તપાસનો સ્ટેટસ રિપોર્ટ સીલબંધ કવરમાં રજૂ કરવાનો આદેશ આપ્યો છે. આ મામલાની આગામી સુનાવણી ૨૦ જુલાઈએ હાથ ધરાશે.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ જાયમલ્યા બાગચી અને ન્યાયાધીશ વી. મોહનની ખંડપીઠ સમક્ષ અરજીઓની સુનાવણી થઈ હતી. કેન્દ્ર અને ઉત્તર પ્રદેશ સરકાર તરફથી સોલિસિટર જનરલ તુષાર મહેતા હાજર રહ્યા હતા. સુનાવણી દરમિયાન મહેતાએ ટ્રસ્ટને નોટિસ આપવાનો નિર્ણય મુલતવી રાખવાની રજૂઆત કરી હતી, પરંતુ કોર્ટે આ વિનંતી ફગાવી દીધી હતી. અરજદારો તરફથી દલીલ કરવામાં આવી હતી કે કેસ સાથે સંબંધિત સીસીટીવી ફૂટેજ અને અન્ય મહત્વના રેકોર્ડને સુરક્ષિત રાખવા જરૂરી છે. ઉપરાંત તપાસનો સ્ટેટસ રિપોર્ટ અરજદારોને ઉપલબ્ધ કરાવવાની માંગ પણ કરવામાં આવી હતી. જોકે, સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે તપાસ ચાલુ હોવાથી આ મુદ્દે યોગ્ય સમયે વિચાર કરવામાં આવશે. વકીલ નરેન્દ્ર કુમાર ગોસ્વામીએ દાખલ કરેલી રિટ અરજીમાં રામ મંદિરના દાન સંબંધિત તમામ રેકોર્ડ અને પુરાવાઓની



જાળવણી તેમજ દાન વ્યવસ્થામાં વધુ પારદર્શિતા લાવવાની માંગ કરવામાં આવી છે. અરજીમાં જણાવાયું છે કે મંદિરમાં ભક્તો દ્વારા આપવામાં આવતું દાન એક પવિત્ર ટ્રસ્ટ સંપત્તિ છે અને તેનું સંચાલન કરતી વ્યક્તિઓ પારદર્શિતા, જવાબદારી અને વિશ્વસનીયતાના સિધ્ધાંતોનું પાલન કરવા બંધાયેલા છે. આ ઉપરાંત આરજેડી સાંસદ સુધાકર સિંહે અલગ અરજીમાં સમગ્ર તપાસ સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ સીબીઆઈને સોંપવાની માંગ કરી છે. તેમણે ટ્રસ્ટના નાણાકીય વ્યવહારોની દેખરેખ, ફોરેન્સિક ઓડિટ, નાણાકીય રેકોર્ડના સંરક્ષણ અને નિવૃત્ત ન્યાયિક અધિકારીઓ તથા નાણાકીય નિષ્ણાતોની વિશેષ સમિતિ રચવાની પણ માંગણી કરી છે. બીજી તરફ, તાજેતરના વિવાદો બાદ રામ મંદિર સંકુલમાં વહીવટી સ્તરે મોટા ફેરફારો શરૂ કરવામાં આવ્યા છે. ધાર્મિક કાર્યક્રમો, સ્વચ્છતા, પાર્કિંગ, લોકર વ્યવસ્થા, પ્રસાદ વિતરણ અને ભક્તોની અવરજવર સંભાળતી વિવિધ સમિતિઓનું પુનર્ગઠન કરવામાં આવી રહ્યું છે.

કંટ્રોલ રૂમ સાથે સંકલન માટે નવી ટીમની રચના કરવામાં આવી છે, જેમાં સોમેશને પ્રભારી બનાવવામાં આવ્યા છે. સૂત્રોના જણાવ્યા મુજબ, પ્રસાદની ગણતરી માટે અગાઉ કાર્યરત ૪૦ કામદારોમાંથી હાલ માત્ર ૧૦ કામદારો જ કાર્યરત છે. પ્રસાદ ચોરીના કેસમાં છ લોકોની ધરપકડ થયા બાદ અનેક કામદારો કામ પર આવવાનું બંધ કરી દીધું છે. દરમિયાન, મંદિર નિર્માણ સમિતિના અધ્યક્ષ નૃપેન્દ્ર મિશ્રાએ જણાવ્યું કે મંદિર સંકુલના બાકી રહેલા બાંધકામ કાર્યો ૧૫ ઓગસ્ટ સુધી પૂર્ણ કરવા માટે અમલીકરણ એજન્સીઓને સૂચના આપવામાં આવી છે.

# કેદ થયેલા વડાપ્રધાન અને મુખ્યમંત્રીઓને દૂર નહીં, સસ્પેન્ડ કરવાની સંસદીય સમિતિની ભલામણ

નવી દિલ્હી, તા.૧૩

ગંભીર ગુનાના આરોપોમાં લાંબા સમય સુધી અટકાયતમાં રહેનારા વડા પ્રધાન, કેન્દ્રીય મંત્રીઓ અને મુખ્યમંત્રીઓ અંગે સંસદીય સમિતિએ મહત્વપૂર્ણ ભલામણ કરી છે. સમિતિએ સૂચવ્યું છે કે આવા હોદ્દેદારોને પદ પરથી કાયમી રીતે દૂર કરવાને બદલે સસ્પેન્ડ કરવામાં આવે. જો તેઓ આરોપોમાંથી મુક્ત થાય અથવા કેસની સુનાવણી નિર્ધારિત સમયમર્યાદામાં આગળ ન વધે, તો તેમનું સસ્પેન્શન આપમેળે સમાપ્ત થઈ શકે. ૧૩૦માં બંધારણીય સુધારા બિલની સમીક્ષા



માટે રચાયેલી સંસદની સંયુક્ત સમિતિએ આ ભલામણ કરી છે. ઓગસ્ટ ૨૦૨૫માં રજૂ કરાયેલા બિલમાં જોગવાઈ હતી કે જો વડા પ્રધાન, મંત્રી અથવા મુખ્યમંત્રી અટકાયતના ૩૧માં દિવસ સુધી રાજીનામું ન આપે તો તેમને આપમેળે પદ પરથી દૂર કરવામાં આવે. જોકે, વિપક્ષી પક્ષોએ આ જોગવાઈનો વિરોધ કર્યો હતો અને તેને રાજકીય દુરુપયોગની શક્યતા ધરાવતું ગણાવ્યું હતું. સમિતિએ પોતાના અહેવાલમાં "પદ પરથી દૂર કરવા" શબ્દપ્રયોગને બદલે "સસ્પેન્શન" શબ્દનો ઉપયોગ કરવાની ભલામણ કરી છે. સમિતિના મતે, આ વ્યવસ્થા કાનૂની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ નિર્દોષ સાબિત થનાર વ્યક્તિઓના અધિકારોનું રક્ષણ કરશે અને તેમને ફરીથી પદ પર નિયુક્ત થવાની તક આપશે. સમિતિએ વધુમાં ભલામણ કરી છે કે ઉચ્ચ બંધારણીય હોદ્દાઓ સાથે જોડાયેલા કેસોની સુનાવણી ફાસ્ટ-ટ્રેક અથવા વિશેષ અદાલતોમાં કરવામાં આવે. ઉપરાંત, પાંચ વર્ષ કે તેથી વધુ સજાવાળા ગંભીર ગુનાઓની અલગ યાદી તૈયાર કરવાની પણ સલાહ આપવામાં આવી છે.

# અરુણાચલમાં ભારે વરસાદથી તબાહી, ૯૭ હજારથી વધુ લોકો પ્રભાવિત

ઈટાનગર, તા. ૧૩

અરુણાચલ પ્રદેશમાં સતત વરસી રહેલા ભારે વરસાદના કારણે અનેક જિલ્લાઓમાં પૂરની ગંભીર સ્થિતિ સર્જાઈ છે. કુમેય નદી ભયજનક સપાટીથી ઉપર વહી રહી હોવાથી સરહદી વિસ્તાર પારસી-પારલો સર્કલ જળમગ્ન બન્યો છે. ભારે વરસાદના કારણે શાળાઓ, સરકારી કચેરીઓ અને રહેણાંક વિસ્તારોમાં પાણી ઘૂસી ગયા છે. અનેક ગામો અને કોલોનીઓના માર્ગો પાણીમાં ગરકાવ થઈ જતા લોકોની અવરજવર પ્રભાવિત થઈ છે. રાજ્ય ઈમરજન્સી



ઓપરેશન સેન્ટર દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ પૂર અને ભૂસ્ખલનની ઘટનાઓમાં અત્યાર સુધી ૭ લોકોના મોત થયા છે જ્યારે ૨૯ લોકો ઈજાગ્રસ્ત થયા છે. રાજ્યના ૨૬ જિલ્લાઓના ૪૨૫ ગામોમાં કુલ ૯૭,૧૮૨ લોકો અસરગ્રસ્ત બન્યા છે. ભારે વરસાદના કારણે કૃષિ પાકો તેમજ જાહેર સંપત્તિને પણ વ્યાપક નુકસાન પહોંચ્યું છે. સોમવારે સવારે કુમેય નદીના ઉપરવાસમાં અચાનક આવેલા પૂરના કારણે પારસી-પારલો સર્કલ અને દામિન સબડિવિઝનમાં સૌથી વધુ અસર જોવા મળી હતી. દામિન વિસ્તારમાં હુરી-દામિનને જોડતો પુલ ધોવાઈ જતાં સંપર્ક વ્યવસ્થા ખોરવાઈ ગઈ છે. પારસી-પારલો વિસ્તારમાં બે મકાનોને નુકસાન પહોંચ્યું છે તેમજ એક ચર્ચ પણ ક્ષતિગ્રસ્ત બન્યો છે. પાગમ ગામનો પુલ પણ પૂરના પ્રવાહમાં ધોવાઈ ગયો છે. સેન્ટ થોમસ સ્કૂલ પાણીમાં ડૂબી જતાં શૈક્ષણિક કામગીરીને અસર પહોંચી છે. પક્કે કેસાંગ જિલ્લામાં ભૂસ્ખલનના કારણે નેશનલ હાઈવે-૧૩ પર વાહન વ્યવહાર પણ બંધ થઈ ગયો છે.

### હાઈસ્પીડ સ્કોર્પિયો ડમ્પર સાથે અથડાતા ત્રણના ઘટનાસ્થળે મોત, ત્રણ ઘાયલોની હાલત ગંભીર

# બાલોત્રામાં મધરાતે ગમખ્વાર અકસ્માત, પાંચ યુવાનોના મોત

જયપુર, તા.૧૩

રાજસ્થાનના બાલોત્રા જિલ્લામાં મોડી રાત્રે સર્જાયેલા ભયાનક માર્ગ અકસ્માતમાં પાંચ યુવાનોના મોત થયા છે, જ્યારે ત્રણ અન્ય ગંભીર રીતે ઘાયલ થયા છે. ભંડિયાવાસ ગામ નજીક રાષ્ટ્રીય રાજમાર્ગ-૧૨૫ પર હાઈસ્પીડ સ્કોર્પિયો કાર ડમ્પર ટ્રક સાથે અથડાતા આ દુર્ઘટના સર્જાઈ હતી. ટક્કર એટલી ભયંકર હતી કે સ્કોર્પિયોનો આગળનો ભાગ



સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગયો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, અકસ્માતમાં ત્રણ યુવાનોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. સ્થાનિક લોકોએ તાત્કાલિક પોલીસ અને ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી હતી. જોકે, એમ્બ્યુલન્સ સમયસર ન પહોંચતા ઘાયલો અને મૃતકોને ખાનગી વાહનો મારફતે બાલોત્રાની સરકારી નાહટા હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ત્યાં પ્રાથમિક સારવાર બાદ ગંભીર રીતે ઘાયલ પાંચ લોકોને જોધપુર રિફર કરવામાં આવ્યા હતા, જેમાંથી સારવાર દરમિયાન વધુ બે યુવાનોના મોત થયા હતા. મૃતકોની ઓળખ રેવંતારામ જાટ (૨૬), સ્વરૂપરામ જાટ (૨૭), ભરત જાટ (૨૫), કિશન જાટ (૨૭) અને ભાવેશ જાટ તરીકે થઈ છે. તમામ મૃતકો બાયતુ તાલુકાના કાનોદ ગામના રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. અકસ્માતમાં ઘાયલ થયેલા બાબુરામ, મુકેશ અને હેમારામ હાલમાં હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. અકસ્માતના સમાચાર મળતા જ હોસ્પિટલમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા અને શોકનો માહોલ છવાઈ ગયો હતો. પોલીસ ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે સ્કોર્પિયો પહેલા એક અજાણ્યા વાહન સાથે અથડાઈ હતી, જેના કારણે ચાલકે વાહન પરનો કાબૂ ગુમાવ્યો હતો અને ત્યારબાદ કાર ડમ્પર સાથે અથડાઈ ગઈ હતી. પોલીસે નજીકના સીસીટીવી ફૂટેજ એકત્ર કરવાની કાર્યવાહી શરૂ કરી છે અને અજાણ્યા વાહનની ઓળખ માટે તપાસ તેજ બનાવી છે.

# કતારના ભૂતપૂર્વ શાસક અમીર શેખ હમાદના નિધન પર ભારતમાં રાષ્ટ્રીય શોક જાહેર

નવી દિલ્હી, તા.૧૩

કતારના ભૂતપૂર્વ શાસક અને 'ફાધર અમીર' તરીકે જાણીતા શેખ હમાદ બિન ખલીફા અલ-થાનીના નિધન પર ભારત સરકારે સોમવાર, ૧૩ જુલાઈના રોજ રાષ્ટ્રીય શોક જાહેર કર્યો છે. તેમના સન્માનમાં દેશભરમાં રાષ્ટ્રીય ધ્વજ અડધી કાઠીએ ફરકાશે અને કોઈપણ સત્તાવાર મનોરંજન કાર્યક્રમો યોજાશે નહીં. વિદેશ મંત્રાલયે જાહેર કરેલા નિવેદન મુજબ, શેખ હમાદના



અવસાન પર ભારતે ઊંડો શોક વ્યક્ત કર્યો છે. બીજી તરફ, કતાર સરકારે પણ તેમના સન્માનમાં ચાર દિવસના જાહેર શોકની જાહેરાત કરી છે. ૭૪ વર્ષની વયે તેમનું અવસાન થયું હોવાનું સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યું છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પર શોક વ્યક્ત કરતાં શેખ હમાદને કતારના વિકાસ અને સમૃધ્ધિના શિલ્પી તેમજ ભારતના સાચા મિત્ર ગણાવ્યા હતા. તેમણે કતારના વર્તમાન અમીર શેખ તમિમ બિન હમાદ અલ-થાની, શાહી પરિવાર અને કતારની પ્રજા પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. શેખ હમાદે વર્ષ ૧૯૯૫થી ૨૦૧૩ સુધી કતાર પર શાસન કર્યું હતું.




# સંસદના ચોમાસુ સત્ર પૂર્વે ૧૯ જુલાઈએ સર્વપક્ષીય બેઠક


નવી દિલ્હી, તા.૧૩

સંસદના ચોમાસુ સત્રની શરૂઆત પહેલાં કેન્દ્ર સરકારે ૧૯ જુલાઈએ સર્વપક્ષીય બેઠક બોલાવી છે. સવારે ૧૧ વાગ્યે યોજાનારી આ બેઠકમાં સરકાર સત્ર દરમિયાન રજૂ થનારા કાયદાકીય કાર્યક્રમની રૂપ રેખા રજૂ કરશે, જ્યારે વિવિધ રાજકીય પક્ષો પોતાના મુદ્દાઓ અને સૂચનો રજૂ કરશે.

કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુના જણાવ્યા અનુસાર સંસદનું ચોમાસુ સત્ર ૨૦ જુલાઈથી ૧૩ ઓગસ્ટ, ૨૦૨૬ સુધી ચાલશે. આ દરમિયાન અનેક મહત્વપૂર્ણ વિધેયકો રજૂ થવાની શક્યતા છે.

વિપક્ષ દ્વારા વિવિધ રાષ્ટ્રીય મુદ્દાઓ, જેમાં શિક્ષણ, રોજગાર અને અન્ય જાહેર હિતના પ્રશ્નોનો સમાવેશ થાય છે, તે સત્ર દરમિયાન ઉઠાવવામાં આવે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

સરકાર અને વિપક્ષ વચ્ચેની આ બેઠક સત્રના સુચારુ સંચાલન માટે મહત્વપૂર્ણ માનવામાં આવે છે.



# અમરેલીની સી. વી. ગજેરા ફાર્મસી મહિલા કોલેજ યુનિવર્સિટીમાં ટોપટેનમાં રહી

અમરેલી, તા. ૧૩



અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત શાંતાબેન હરીભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ સ્થિત સી. વી. ગજેરા ફાર્મસી મહિલા કોલેજનું શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ નું B.Pharm. Sem.- VI નું યુનિવર્સિટી પરિણામ જાહેર થયું છે. આ પરિણામમાં કોલેજે યુનિવર્સિટીના ટોપ-૧૦ માં દસમું સ્થાન મેળવી ગૌરવ વધાર્યું છે. કોલેજ કક્ષાએ વઘાસીયા અયુસી જે. ૯.૫૭ SPI સાથે પ્રથમ, ત્રાડા પૂજા એમ. ૯.૪૩ SPI સાથે દ્વિતીય અને સોરઠીયા બંસી જે. ૯.૩૬ SPI સાથે તૃતીય ક્રમે ઉત્તીર્ણ થયા છે. આ શાનદાર સફળતા બદલ સંસ્થાના ટ્રસ્ટ અને શૈક્ષણિક સંકુલ દ્વારા તમામ રેન્કર્સ વિદ્યાર્થીનીઓ, સ્ટાફ અને વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# જાફરાબાદ મરીનના પ્રોહીબિશન ગુનાઓમાં નાસતો ફરતો લિસ્ટેડ આરોપી ઝડપાયો

અમરેલી, તા. ૧૩

ભાવનગર રેન્જના જિલ્લાઓમાં નાસતા ફરતા આરોપીઓ અને જેલમાંથી ફરાર કેદીઓને પકડવાની ઝુંબેશ અંતર્ગત અમરેલી એલ.સી.બી. પોલીસને મોટી સફળતા મળી છે. અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ્પેક્ટરની રાહબરી હેઠળની ટીમે જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૨૬ માં નોંધાયેલા પ્રોહિબિશન એક્ટના બે અલગ-અલગ ગુનાઓમાં લાંબા સમયથી પોતાની ધરપકડ ટાળી રહેલા એક લિસ્ટેડ આરોપીને ઝડપી પાડ્યો છે.



પકડાયેલા આરોપીની ઓળખ રમેશભાઈ કરણાભાઈ ઝાલા (ઉંમર વર્ષ ૪૦, રહે. સનખડા, માલાણી શેરી, તાલુકો ઉના, જિલ્લો ગીર સોમનાથ) તરીકે થઈ છે.

પોલીસે આરોપીની અટકાયત કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# બાબરાના ખંભાળા ગામે સર્પદંશથી યુવકનું મૃત્યુ

**મૃતકના ભાઈએ બાબરા પોલીસ સ્ટેશનમાં જાણ કરી**

બાબરા, તા.૧૩

બાબરાના ખંભાળા ગામે સર્પદંશથી એક યુવકનું મૃત્યુ થયું હતું. શિવાભાઈ લઘરાભાઈ આહલગામા (ઉ.વ.૪૨) એ પોલીસને કરેલી જાહેરાત મુજબ, નાનજીભાઈ લઘરાભાઈ આહલગામા (ઉ.વ.૪૦)ને કોઈ ઝેરી સાપ કરડવાના કારણે શ્વાસોચ્છ્વાસ બંધ થઈ જતાં તેમનું મૃત્યુ નીપજ્યું હતું.

બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે. આર. દાંતી આ મામલે વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી જિલ્લા આહીર કર્મયોગી મંડળનો ત્રિવિધ કાર્યક્રમ યોજાયો

અમરેલી, તા. ૧૩

અમરેલી સ્થિત ત્રિમંદિર ખાતે અમરેલી જિલ્લા આહીર કર્મયોગી મંડળ દ્વારા ત્રિવિધ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મંડળની દ્વિતીય વાર્ષિક સાધારણ સભા યોજાઈ હતી, જેમાં ખજાનચી હિતેશભાઈ સોરઠીયા દ્વારા નાણાકીય હિસાબો રજૂ કરાયા હતા. આ પ્રસંગે શિક્ષણ ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર તેજસ્વી વિદ્યાર્થીઓ, નવા નિયુક્ત અને નિવૃત્ત થતા કર્મચારીઓ તેમજ દાતાઓનું



વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં આઈએફએસ વિકાસ યાદવ, પ્રભાતભાઈ કોઠીવાળ અને રાજુભાઈ ભૂતૈયા જેવા અગ્રણીઓએ પ્રેરણાદાયી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સંસ્થાના સ્થાપક પ્રમુખ ભરતભાઈ ડેરે મંડળની કામગીરીની વિગતો આપી નવનિયુક્ત પ્રમુખ હિમાંશુભાઈ કાલસરીયાને જવાબદારી સોંપી હતી. આ તકે કર્મચારીઓની નાણાકીય સહાય માટે 'અમરેલી જિલ્લા આહીર કર્મચારી સહકારી શરાફી મંડળી' રચવાનો મહત્ત્વનો નિર્ણય લેવાયો હતો. સમગ્ર કાર્યક્રમમાં મોટી સંખ્યામાં આહીર સમાજના કર્મચારીઓ પરિવાર સાથે ઉપસ્થિત રહ્યા હતા.

# રાજ્ય કક્ષાએ સન્માનિત શિક્ષક રઘુભાઈ રમકડુંનું વડીયામાં સન્માન

વડીયા, તા.૧૩



વડીયા ખાતે રાજ્ય કક્ષાએ શિક્ષણ ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી બદલ સન્માનિત થયેલા માંડવડા પ્રાથમિક શાળાના શિક્ષક રઘુભાઈ 'રમકડું'નું સન્માન કરવામાં આવ્યું હતું. તેઓએ વિનાયક સ્કૂલના આચાર્ય હેમાલીબેન વ્યાસના નિવાસસ્થાને સૌજન્ય મુલાકાત લીધી હતી. આ પ્રસંગે સમાજસેવક રાજેશભાઈ ચુડાસમાએ શાલ ઓઢાડી તેમનું અભિવાદન કરી સન્માન કર્યું હતું. કાર્યક્રમ દરમિયાન શિક્ષણ અને સમાજસેવામાં તેમના યોગદાનની પ્રશંસા કરવામાં આવી હતી.

# સાવરકુંડલા રેલવે ઓવરબ્રિજના કામમાં ભ્રષ્ટાચારના આક્ષેપ

**નબળી ગુણવત્તાનું કામ અટકાવી જવાબદારો સામે કાર્યવાહી કરવાની માંગ**

સાવરકુંડલા, તા. ૧૩

સાવરકુંડલાના મહુવા રોડ પર ગિરધરવાવ નજીક ચાલી રહેલા રેલવે ઓવરબ્રિજના કામમાં ગેરરીતિ અને ભ્રષ્ટાચાર થઈ રહ્યો હોવાના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. આશરે રૂ. ૫૪ કરોડથી વધુના ખર્ચે નિર્માણ પામી રહેલા આ ઓવરબ્રિજનું કામ કરવામાં આવી રહ્યું છે. રજૂઆત મુજબ કામમાં નબળી ગુણવત્તાના મટિરિયલનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે તેમજ અનેક તકનિકી ધોરણોની અવગણના કરવામાં આવી હોવાનું જણાવાયું છે.આક્ષેપો અનુસાર ફાઉન્ડેશન, કોંક્રિટ, ક્યોરિંગ, રોડ વર્ક અને અન્ય બાંધકામ કાર્યોમાં જરૂરી માપદંડો જાળવવામાં આવ્યા નથી. કામની દેખરેખ માટે જવાબદાર અધિકારીઓ અને કન્સલ્ટન્ટ એજન્સી દ્વારા પણ પૂરતું સુપરવિઝન કરવામાં આવતું ન હોવાનું જણાવાયું છે. હાલમાં કામ ધીમી ગતિએ ચાલી



તસવીર : સૌરભ દોશી

રહ્યું હોવાનું અને નિર્ધારિત સમયમર્યાદા નજીક હોવા છતાં પ્રોજેક્ટ અડધો પણ પૂર્ણ ન થયો હોવાનું જણાવવામાં આવ્યું છે. શહેર ભાજપના પૂર્વ મહામંત્રી રામદેવસિંહ ગોહિલે રાજ્ય સરકાર અને સંબંધિત વિભાગોમાં લેખિત રજૂઆત કરી કામની ઉચ્ચસ્તરીય તપાસ કરવાની માંગ કરી છે.

તેમણે નબળું કામ તાત્કાલિક બંધ કરાવી જવાબદાર અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર સામે કડક કાર્યવાહી કરવા તેમજ જરૂરી નાણાકીય રિકવરી કરવા માંગ ઉઠાવી છે. તેમણે ચેતવણી આપી છે કે જો સમયસર યોગ્ય કાર્યવાહી નહીં થાય તો ભવિષ્યમાં ગંભીર અકસ્માત અને જાનહાનિનું જોખમ ઊભું થઈ શકે છે.

# દામનગરમાં ખેતીમાં નુકસાન જતાં ખેડૂતે ઝેરી દવા પી જીવન ટૂંકાવ્યું

દામનગર, તા. ૧૩

દામનગરમાં ખેતીવાડીમાં ભારે નુકસાન જતાં એક ખેડૂતે ઝેરી દવા ગટગટાવી લીધી હતી, જેમનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે.

મૃતકના ભાઈ નાનજીભાઈ ઉકાભાઈ નારોલા (ઉ.વ. ૫૭) એ પોલીસમાં જાહેર કર્યા મુજબ, ખોડાભાઈ ઉકાભાઈ નારોલા (ઉ.વ. ૬૦) ને ખેતીમાં મોટું નુકસાન થતાં તેઓ માનસિક તણાવમાં આવી ગયા હતા. આથી મનમાં લાગી આવતા તેમણે ધ્રુફણીયા રોડ પર આવેલી પોતાની વાડીએ ઝેરી દવા પી લીધી હતી. આ અંગે દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે. આર. સાંખટ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## જરખીયા ગ્રામપંચાયત - તા.લાઠી. જી.અમરેલી

### :: જાહેર હરાજી અંગેની નિવિદા ::

આથી જાહેર હરાજીથી ઈમાલો લેવામાં રસ ધરાવતા લોકોને આ જાહેર નિવિદાથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના લાઠી તાલુકાના જરખીયા ગામે ગ્રામપંચાયત કચેરી - જરખીયા દ્વારા નીચે જણાવેલ વિગત મુજબની અસ્ક્યામતનાં ઈમલાની જાહેર હરાજી નીચે દર્શાવ્યા મુજબના સ્થળે અને અસ્ક્યામત ની જે સ્થીતી માં નિયત તારીખ અને સમયે કરવામાં આવશે, જેથી જાહેર હરાજીમાં ભાગ લેવા ઈચ્છતા લોકોએ સ્થળ ઉપર સમયસર હાજર રહેવા જાણ કરવામાં આવે છે.

| ક્રમ | અસ્ક્યામત અને ઈમલાની વિગત | જાહેર હરાજીની તારીખ | જાહેર હરાજીનો સમય | નક્કી થયેલ અપસેટ કિંમત | જાહેર હરાજીનું |
|---|---|---|---|---|---|
| ૧ | ગોવિંદપરા વિસ્તારમાં આવેલ આંગણવાડી કોડ નંબર -૬૪ | ૨૮/૦૭/૨૦૨૬ | ૧૫:૩૦ કલાકે | ૯૦૦૦/- | ગ્રામ પંચાયત કચેરી જરખીયા |
| ૨ | જરખીયા ગામે આવેલ પાણીનો ટાંકો | ૨૮/૦૭/૨૦૨૬ | ૧૫:૩૦ કલાકે | ૬૦૦૦/- | ગ્રામ પંચાયત કચેરી જરખીયા |

જાહેર હરરાજીની શરતો,બોલીઓ, નિયમો વિગેરે સ્થળ ઉપર વાંચી સંભળાવવામાં આવશે. તથા ઉપરોક્ત અસ્કયામતના ઈમલાની જાહેર હરરાજીમાં નિર્ણય કરવાની આખરી સત્તા તથા નિયમોમાં ફેરફાર વિગેરે કરવાનો અબાધિત અધિકાર નીચે સહી કરનારાઓની રહેશે.

તલાટી કમ મંત્રી
જરખીયા ગ્રામપંચાયત તા.લાઠી. જિ.અમરેલી

સરપંચ
જરખીયા ગ્રામપંચાયત તા.લાઠી. જિ.અમરેલી

# ખડસલી પોલીટેકનિકના ૧૨ વિદ્યાર્થીઓ સર્વોત્તમ ડેરીમાં કેમ્પસ પ્લેસમેન્ટમાં પસંદગી પામ્યા

અમરેલી,તા.૧૩

અમરેલીના ખડસલી સ્થિત પોલીટેકનિક ઈન એનિમલ હસબન્ડરી કોલેજના ૧૨ વિદ્યાર્થીઓની ભાવનગરની પ્રતિષ્ઠિત 'સર્વોત્તમ ડેરી'માં લાઈવસ્ટોક ઈન્સ્પેક્ટર તરીકે કેમ્પસ પ્લેસમેન્ટ દ્વારા પસંદગી થઈ છે. કુંડલા તાલુકા ગ્રામ સેવા મંડળ સંચાલિત અને ગાંધીનગર કામધેનુ યુનિવર્સિટી સંલગ્ન આ સંસ્થાના વર્ષ ૨૦૨૬ના ડિપ્લોમા અભ્યાસક્રમના વિદ્યાર્થીઓએ આ સિધ્ધિ મેળવી છે. પસંદગી પામેલા વિદ્યાર્થીઓમાં રવિ હડીયા, ઋત્વિક વાણીયા, હિતેશકુમાર વાઘેલા, દિવ્યેશ સિસારા, યશરાજસિંહ રાયજાદા, ગૌતમ વાળા, ભરતભાઈ વાળા, વિક્રમ મેવાડા, કૃણાલભાઈ જાજડા, ધવલ ગૌરૈયા, કૌશિક સાંડીસ અને વૈદિક બરાલનો સમાવેશ થાય છે. આ સફળતા બદલ સંસ્થાના પ્રમુખ હિમતભાઈ ગોડા, મંત્રી ડૉ. રાજેન્દ્ર ખીમાણી, ટ્રસ્ટી હરેશભાઈ પંડ્યા તેમજ આચાર્ય ડૉ. કૃણાલ બદાણી અને સ્ટાફે ગુણવત્તાસભર શિક્ષણને બિરદાવી વિદ્યાર્થીઓ-વાલીઓને ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવી હતી.

|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧ા || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||

અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...



**યમુના જ્વેલર્સ**
(અમરાપુર વાળા)

અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે, આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે યમુના જ્વેલર્સ હવે એક ભવ્ય અને નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.

- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જ્વેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ

**અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.**

સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.

હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

Jitendra Sanghani
Cell : 98254 22922

MARUTI SUZUKI

મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ

**કારકેર સેન્ટર**
(Maruti Authorised Workshop)





વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ, રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર

ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




## :: જાહેર નોટીસ ::

આથી અમો શ્રી સોયબભાઈ હનીફભાઈ મેતર, રહે.બાબરા, ઠે.એસ.બી.આઈ. ઓફીસ વાળી શેરી, જીવનપરા, તા.બાબરા, જી.અમરેલી વાળાએ જાહેર નોટીસથી જાહેર કરીએ છીએ કે, અમોએ અમરેલી જીલ્લાના લાઠી તાલુકાના પીપળવા ગામે આવેલ ખેતીની જમીન ખાતા નં.૨૭૬ ના સીમ જમીન રે.સ.નં.૬૩ પૈકી ૨, હે.આરે. ૧-૬૧-૮૮, વાળી ખેતીની જમીન જેના હાલના માલીક અંજુબેન હરદાસભાઈ કાનાણી તથા વિ. ૭, ની પાસેથી વેચાણ રાખવાનુ નકકી કરેલ છે. અને આ બાબતનો લાઠી સબરજીસ્ટ્રાર કચેરીમાં અમો ખરીદનારની તરફેણનો વેચાણ દસ્તાવેજ ટુંક સમયમાં નોંધાવવાનો હોય તેથી આ જાહેર નોટીસથી જાહેર કરી જણાવીએ છીએ કે સદરહુ જમીનના હાલના માલીક અંજુબેન હરદાસભાઈ કાનાણી તથા તથા વિ. ૭, દ્વારા અમોને તેઓએ સદરહુ જમીન સંપૂર્ણ ચોખ્ખા ટાઈટલ કલીયર હોવાનુ જણાવે છે, આમ છતા ઉપરોકત જમીન અને તેની સાથે જોડાયેલા સુખાધીકારના હકકો, પરત્વે કોઈ વ્યકિત,સખ્શ, સંસ્થા પેઢી કંપની, એસોસીએશન, બેન્ક, નાણાંકીય સંસ્થા કે કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિસ્સો, લાગભાગ, બાનાખત, સાટાખત, મો બદલાના કરાર, કે પૈસાની લેતી-દેતી અંગેનો કરાર કે અન્ય સદરહુ જમીન સંબંધિત તમામ કરારો કે લીયન ચાર્જ બોજો કે એફોસેબલ રાઈટસ એકસનેબલ કલેઈમ કે આ મિલકત પરત્વેના ભરણ પોષણનો હકક હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ - ૦૭ મા દસ્તાવેજી આધાર પુરાવાઓ સાથે અમોને નીચે જણાવ્યા મુજબના સરનામા ઉપર રજીસ્ટર એ.ડી. દ્વારા પોસ્ટ મારફત અમો નોટીસ પ્રસિધ્ધ કરનારને જાણ કરવી તે સમય દરમ્યાન આ જમીનના વેચાણ સામે વાંધાઓ નહી આવે તો આ મિલકત સંપૂર્ણ ચોખ્ખા ટાઈટલ હકકે આવેલી છે, તેવુ સમજીને અગર તો કોઈના હકક, હિસ્સા, હિત અધિકારો લાગભાગ આવેલા નથી અને આવેલા હોય તો તેઓએ જતા કરેલા છે, અથવા સદરહુ વેચાણ બાબતે તેમની સંપુર્ણ સહમતી છે, અને તે પછી ભવિષ્યે પણ આ બાબતે કોઈ પોતાના વાંધાઓ, તકરાર રજુ કરશે અથવા ઉભા કરશે તો તેવા વાંધાઓ, તકરાર અમો ખરીદનારને લાગુ પડશે નહી. જે બાબતની આ જાહેર નોટીસથી જાહેર કરી જણાવીએ છીએ.

પત્ર વ્યવહારનું સરનામુ
C/o સોહીલ મહેબુબભાઈ ખોખર
ADVOCATE (B.COM LLB)
શાયોના લીગલ સર્વિસીઝ પ્રા.લી.
મુ.લાઠી, ઠે.મામલતદાર ઓફીસ સામે,
તા.લાઠી, જી.અમરેલી.

નોટીસ પ્રસિધ્ધ કરનાર
સહી
(સોયબભાઈ હનીફભાઈ મેતર)

ખોડલધામ સમિતિના આગેવાનો અને અન્ય સમાજના અગ્રણીઓએ ભારે જહેમત ઉઠાવી

# વડિયામાં નરેશભાઈ પટેલના જન્મદિવસે ૫૧ બોટલ રક્તદાન કરી ઉજવણી કરાઈ

વડિયા, તા.૧૩

કાગવડ ખોડલધામના સ્થાપક ટ્રસ્ટી નરેશભાઈ પટેલના જન્મદિવસ નિમિત્તે સમગ્ર સૌરાષ્ટ્રમાં વિવિધ સેવાકીય કાર્યો કરવામાં આવ્યા હતા. આ અંતર્ગત અમરેલી જિલ્લાના વડિયા ખાતે ખોડલધામ સમિતિ દ્વારા એક ભવ્ય રક્તદાન કેમ્પનું આયોજન કરીને દર્દીનારાયણની સેવા સાથે જન્મદિવસની અનોખી ઉજવણી કરવામાં આવી હતી. પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુભાઈ ઊંધાડના સીધા માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કેમ્પમાં રક્તદાતાઓ દ્વારા ઉત્સાહપૂર્વક ૫૧ બોટલ જેટલું રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું. વડિયામાં બપોરે ચાર વાગ્યાથી શરૂ થયેલા આ કાર્યક્રમમાં સમાજના તમામ વર્ગોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.આ કેમ્પની ખાસ વિશેષતા એ રહી કે તેમાં સ્થાનિક મહિલાઓ ઉપરાંત પૂજ્ય સંતોએ પણ રક્તદાન



કરીને સમાજને 'રક્તદાન મહાદાન'નો પ્રેરણાદાયી સંદેશ આપ્યો હતો. કાર્યક્રમમાં વડિયા સ્વામિનારાયણ દિવ્યધામના શ્રી આનંદસ્વરૂપ સ્વામી અને પ્રેમસ્વરૂપ સ્વામી, કંથડનાથજીની મઢીથી ભરતનાથબાપુ તેમજ બિલેશ્વર મહાદેવ મંદિરથી શ્રી વિભૂતિનાથ બાપુએ ખાસ ઉપસ્થિતિ દર્શાવી હતી. ખોડલધામના સૌરાષ્ટ્ર ઝોન કન્વીનર બાવકુભાઈ ઊંધાડ, જિલ્લા કન્વીનર રમેશભાઈ કાથરોટીયા, વડિયા વિસ્તાર કન્વીનર પરેશભાઈ કોટડીયા અને સહ કન્વીનર સત્યમભાઈ માકાણી સહિત ખોડલધામ સમિતિના આગેવાનો અને અન્ય સમાજના અગ્રણીઓએ ભારે જહેમત ઉઠાવીને આ સમગ્ર રક્તદાન કેમ્પને સફળ બનાવ્યો હતો.

# બગસરા પોલીસ સ્ટેશન ખાતે જિલ્લા પોલીસ વડા સંજય ખરાતનું સન્માન

બગસરા, તા.૧૩

બગસરા પોલીસ સ્ટેશનની મુલાકાતે આવેલા અમરેલી જિલ્લા પોલીસ વડા સંજયભાઈ ખરાતનું સ્થાનિક આગેવાનો અને પોલીસ કર્મચારીઓ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બગસરા પોલીસમાં ફરજ બજાવતા પી.આઈ. વી. કે. ગોલવેલકર તેમજ જૂનાગઢ શિવરાત્રી મેળામાં ઉમદા કામગીરી માટે જાણીતા પોલીસ



તસવીર :હાર્દિક બામટા

હેડ કોન્સ્ટેબલ ઉમેદભાઈ મહેતા ઉપસ્થિત રહ્યા હતા. સમસ્ત બ્રહ્મ સમાજના મંત્રી અને પત્રકાર એકતા પરિષદના પ્રમુખ હાર્દિકભાઈ બામટાએ પણ કાર્યક્રમમાં હાજરી આપી હતી. મુલાકાત દરમિયાન સંજયભાઈ ખરાતને મોમેન્ટો અર્પણ કરી તેમના કાર્યની પ્રશંસા સાથે સન્માન કરવામાં આવ્યું હતું.

# સાવરકુંડલાના ધજડી ગામની સીમમાંથી ૫ પત્તા પ્રેમી પકડાયા

**પોલીસે કુલ ૧૪,૨૮૦ રૂપિયાના મુદ્દામાલ કબજે કરી કાર્યવાહી હાથ ધરી**

સાવરકુંડલા, તા.૧૩

સાવરકુંડલાના ધજડી ગામની સીમમાંથી ૫ પત્તા પ્રેમી પકડાયા હતા. તેમની પાસેથી ૧૪૨૮૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરાયો હતો. ધજડી ગામની સીમમાં વાડીના શેઢે ખુલ્લામાં હારજીતનો જુગાર રમતાં કનુભાઈ વાસુરભાઈ ખુમાણ, ગભરૂભાઈ એભલભાઈ બોરીચા, રામજીભાઈ દેવજીભાઈ નગવાડીયા, પ્રફુલભાઈ રામજીભાઈ નસીત તથા સંજયભાઈ નાનજીભાઈ ગોહિલ રોકડા રૂ.૧૪,૧૮૦, એક હાથબત્તી મળી કુલ ૧૪,૨૮૦ રૂપિયાના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ. એ.બગડા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી સુરક્ષા કવચ એપ અંગે જિલ્લામાં જાગૃતિ અભિયાન

અમરેલી,તા.૧૩

અમરેલી જિલ્લા પોલીસ દ્વારા કાયદો અને વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા તેમજ બહારથી રોજગારી માટે આવતા મજૂરો અને કારીગરોની માહિતી ડિજિટલ રીતે ઉપલબ્ધ રહે તે હેતુથી વિકસાવાયેલી "અમરેલી સુરક્ષા કવચ" એપ અંગે જિલ્લામાં વ્યાપક જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાતની દેખરેખ હેઠળ ૨૦ પોલીસ સ્ટેશન વિસ્તારોમાં સેમિનારો યોજાયા



હતા. જેમાં ૧૮૫૦થી વધુ મજૂરો અને કારીગરોને એપ વિશે માહિતી આપવામાં આવી હતી તેમજ સ્થળ પર જ રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું. એપ્લિકેશનમાં મજૂરો અને કારીગરોની ઓળખ, રહેઠાણ, મૂળ વતન, દસ્તાવેજો અને રોજગાર સંબંધિત વિગતો નોંધવામાં આવે છે. જેના કારણે ગુનાઓની અટકાયત અને તપાસમાં પોલીસને મદદ મળશે. રાજુલાના વાવેરા ગામે યોજાયેલા કાર્યક્રમમાં નાયબ પોલીસ અધિક્ષક નયના ગોરડીયાએ ઉપસ્થિત લોકોને એપ્લિકેશનનું મહત્વ સમજાવ્યું હતું તેમજ સીસીટીવી કેમેરા સ્થાપન અંગે પણ માર્ગદર્શન આપ્યું હતું. જિલ્લા પોલીસે નાગરિકોને એપમાં માહિતી નોંધાવવા અપીલ કરી છે.

# ઝઘડા બાદ પત્નીને પિયર મૂકીને આવ્યા પછી પતિએ ઝેરી દવા પીધી

**બાબરાના જીવાપર (કરિયાણા) ગામની ઘટના**

બાબરા, તા.૧૩

બાબરાના જીવાપર (કરિયાણા) ગામે પત્ની સાથે ઝઘડા બાદ તેને પિયર મૂકીને આવ્યા પછી પતિએ ઝેરી દવા પીધી હતી.

આ અંગે જગદીશભાઈ સવાભાઈ પીપળવા (ઉ.વ.૩૭)એ જાહેર કર્યા મુજબ, વિશાલ ભનુભાઈ પીપળવા (ઉ.વ.૨૫)ને પોતાની પત્ની સાથે આશરે પંદર દિવસ પહેલાં કામ કરવા બાબતે ઝઘડો થયો હતો. જેથી તે તેની પત્નીને પિયર મૂકી આવ્યો હતો. તે વાતનું દિલમાં લાગી આવતા તેણે પોતાની મેળે ઝેરી દવા પી લીધી હતી, જેથી તેને સારવાર અર્થે ખસેડાયો હતો. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ પી. પી. ડેર વધુ તપાસ કરી રહ્યા છે.

સાવરકુંડલા શહેરનો બનાવ

# 'અહીં અમારા છોકરા રમતા હોય રિક્ષા ધીમે ચલાવજો' કહેતા કુહાડીનો ઘા માર્યો

**'અમારી સામે બોલશો તો તમને જીવતા નહીં રહેવા દઈએ' તેવી ધમકી પણ આપી**

સાવરકુંડલા, તા. ૧૩

સાવરકુંડલા શહેરમાં એક ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. જેમાં 'અહીં અમારા છોકરા રમતા હોય રિક્ષા ધીમે ચલાવજો' તેમ કહેતા જ કુહાડીનો ઘા મારી દેવામાં આવ્યો હતો. ઉપરાંત 'અમારી સામે બોલશો તો તમને જીવતા નહીં રહેવા દઈએ' તેવી ધમકી પણ આપવામાં આવી હતી. આ અંગે વિનુભાઈ વિઠલભાઈ શિયાળ (ઉ.વ.૪૨) એ કિશનભાઈ બાલાભાઈ પડસારીયા, પારસભાઈ ભીખાભાઈ પડસારીયા અને ભીખાભાઈ સુરાભાઈ પડસારીયા સામે ફરિયાદ નોંધાવી હતી.ફરિયાદ મુજબ, તેઓ પોતાના ઘર પાસે રોડ ઉપર ઉભા હતા ત્યારે કિશનભાઈ પડસારીયા રિક્ષા લઈને નીકળ્યા હતા અને તે વધુ સ્પીડે ચલાવતા હતા. તેઓ ફરીવાર ત્યાંથી પસાર થતાં વિનુભાઈએ તેમને કહ્યું હતું કે, 'અહીં અમારા છોકરા રમતા હોય રિક્ષા ધીમે ચલાવજો.' તેમજ તેમના કાકાને પણ આ બાબતે ઠપકો આપ્યો હતો. જેનું મનદુઃખ રાખીને આરોપીઓ કુહાડી અને લાકડી લઈને આવી ગયા હતા અને જેમ ફાવે તેમ ગાળો આપવા લાગ્યા હતા. વિનુભાઈએ ગાળો બોલવાની ના પાડતા, માથાના ભાગે કુહાડીનો એક ઘા મારી ચાર ટાંકા આવે તેવી ઈજા કરી હતી. તેમજ બીજો ઘા બાવડાના ભાગે મારી ઈજા પહોંચાડી હતી.

આ દરમિયાન સાક્ષી તેમજ તેમની ભત્રીજી બચાવવા વચ્ચે પડતાં તેમને પણ લાકડી અને કુહાડી વડે આડેધડ માર મારવામાં આવ્યો હતો. જતાં-જતાં ત્રણેય ઈસમોએ ધમકી આપતાં કહ્યું હતું કે, 'હવે જો અમારી સામે બોલશો તો તમને જીવતા નહીં રહેવા દઈએ અને જાનથી મારી નાખીશું.' આ મામલે સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ કેતનભાઈ દેવજીભાઈ રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# બગસરામાં આપાગીગા ગાદી મંદિરે અષાઢી બીજ મહોત્સવની કરાશે ઉજવણી

બગસરા, તા.૧૩

બગસરાના આપાગીગા ગાદી મંદિર ખાતે આગામી ગુરૂવાર, ૧૬ જુલાઈના રોજ પરંપરાગત રીતે અષાઢી બીજની ઉજવણી કરવામાં આવશે. સવારે ૭ કલાકે મંગળા આરતી, હનુમાન ચાલીસાના પાઠ અને હોમાત્મક યજ્ઞ યોજાશે. ત્યારબાદ ગધઈ અને પ્રજાપતિ પરિવાર દ્વારા વાજતે-ગાજતે લવાયેલી ધ્વજાનું પૂજ્ય મહંત જેરામબાપુના હસ્તે શાસ્ત્રોક્ત વિધિથી પૂજન કરી સવારે ૯:૩૦ કલાકે ધ્વજારોહણ કરાશે. આ પ્રસંગે પૂજ્ય સંત શ્રી આપાગીગાની પવિત્ર પ્રસાદીની વસ્તુઓનું પૂજન-અર્ચન કરવામાં આવશે. મહંતશ્રી જેરામબાપુએ તમામ ભાવિક ભક્તોને સાંજે મહાઆરતી તથા મહાપ્રસાદનો લાભ લેવા ભાવભર્યું આમંત્રણ આપ્યું છે. આ મહોત્સવને સફળ બનાવવા ગીગેવ ગ્રુપ અને કોઠારી હરિબાપુ જહેમત ઉઠાવી રહ્યા છે.

-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.234/2026
જન્મ તારીખ : 01/06/1990

રાજુબેન માનસિંગભાઈ પરમાર,
રહે.સિંધાજ, ગામ-સિંધાજ, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી - કમ - મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત - સિંધાજ, તા.કોડીનાર કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી રાજુબેન માનસિંગભાઈ પરમાર, રહે.સિંધાજ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી માનસિંગભાઈ કુરજીભાઈ પરમાર તથા રાજુબેન ના પુત્રી રેખાબેનનો જન્મ તારીખ.01/06/1990 ના રોજ કોડીનાર તાલુકાના સિંધાજ મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૦૭/૦૭/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

# સાવરકુંડલાની કે.કે. હાઈસ્કૂલ ખાતે NDRF દ્વારા સ્કૂલ સેફ્ટી અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ તાલીમ યોજાઈ

સાવરકુંડલા, તા.૧૩

સાવરકુંડલાની કે.કે. હાઈસ્કૂલ ખાતે 'સ્કૂલ સેફ્ટી અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ' વિષય પર વિશેષ માર્ગદર્શન અને પ્રાયોગિક તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. નૂતન કેળવણી મંડળ સંચાલિત આ શાળાના એન.એસ.એસ. (NSS) યુનિટ અને વડોદરા NDRFના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં NDRFના નિરીક્ષક બસંત તીરકી અને તેમની ટીમે કુદરતી આપત્તિઓ



સામે સુરક્ષા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. તાલીમ દરમિયાન ઈજાગ્રસ્તોને પ્રાથમિક મદદ, રક્તસ્રાવ રોકવા, CPR આપવા, ભૂકંપ સમયે 'ડ્રોપ, કવર એન્ડ હોલ્ડ' પદ્ધતિ તેમજ પૂરની સ્થિતિમાં વીજપ્રવાહથી બચવાના ઉપાયોનું જીવંત નિદર્શન કરાયું હતું. એન.એસ.એસ. અધિકારી વિપુલભાઈ દવે દ્વારા સંચાલિત આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.235/2026
જન્મ તારીખ : 11/04/2021

જાફરભાઈ અયુબભાઈ ઈસબાણી,
રહે.મુળ દ્વારકા, ગામ-મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી - કમ - મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત - મુળ દ્વારકા, તા.કોડીનાર કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી જાફરભાઈ અયુબભાઈ ઈસબાણી, રહે.મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી જાફરભાઈ અયુબભાઈ ઈસબાણી તથા બલકીશ ના પુત્ર રમઝાન જાફરભાઈ ઈસબાણીનો જન્મ તારીખ.11/04/2021 ના રોજ કોડીનાર તાલુકાના મુળ દ્વારકા મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૦૭/૦૭/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર




અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ,
ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.


-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.233/2026
જન્મ તારીખ : 01/06/1967

રસીદાબેન ઈબ્રાહિમભાઈ પાણાવઢુ,
રહે.વેરાવળ, ગામ-વેરાવળ, તાલુકો-વેરાવળ,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને ચીફ ઓફિસરશ્રી, કોડીનાર
નગરપાલીકા, કોડીનાર, તા.કોડીનાર કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી રસીદાબેન ઈબ્રાહિમ પાણાવઢુ, રહે.વેરાવળ, તાલુકો-વેરાવળ, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી ઈબ્રાહીમ ઈસ્માઈલ પાણાવઢુ તથા હનીફાબેન ઈબ્રાહીમ પાણાવઢુ ના પુત્રી રસીદાબેન ઈબ્રાહિમ પાણાવઢુનો જન્મ તારીખ.01/06/1967 ના રોજ કોડીનાર તાલુકાના કોડીનાર મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૦૭/૦૭/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર


ડ્રીમ ફેમિલી સ્પાની ધમાકા ઓફર




ભાઈઓ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૪૫ મિનીટ
બહેનો માટે Rs.699/-માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
ADRESS : સાવર કુંડલા ચોકડી, રીંગ રોડ, RTO office ની બજુમા
અમરેલી - 365601

# સા.કુંડલા તાલુકામાં માર્ગ-મકાન વિભાગની યુધ્ધના ધોરણે કામગીરી

સાવરકુંડલા, તા.૧૩

ગત ૫ અને ૬ જુલાઈ દરમિયાન સાવરકુંડલા તાલુકામાં પડેલા ભારે વરસાદ તેમજ શેત્રુંજી અને શેલ નદીઓમાં આવેલા ભારે પાણીના પ્રવાહને કારણે તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં માર્ગ વ્યવસ્થાને વ્યાપક નુકસાન પહોંચ્યું હતું. તાલુકાના માર્ગ અને મકાન પંચાયત વિભાગ હસ્તકના અનેક રસ્તાઓ પર પાણી ફરી વળતા માર્ગો ધોવાઈ ગયા હતા તેમજ કેટલાક નાળા અને પુલિયાઓને પણ નુકસાન થયું હતું. જેના કારણે અનેક ગામો વચ્ચેનો વાહનવ્યવહાર અસ્થાયી રીતે ખોરવાઈ ગયો હતો અને ગ્રામ્ય વિસ્તારોના લોકોને અવરજવરમાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો.ભારે વરસાદની અસર નેસડી, કરજાળા, જીરા, ખડકાળા, જૂનાસાવર, કેરાળા, હઠીલા, વાવ, ખાલપર, મેકડા, ધોબા અને પીપરડી સહિતના ગામોને જોડતા માર્ગો પર વધુ જોવા મળી હતી. અનેક સ્થળોએ રસ્તાઓ ધોવાઈ જતા તેમજ પાણી ભરાઈ જતા વાહનવ્યવહાર બંધ કરવાની ફરજ પડી હતી. ખેડૂતો, વિદ્યાર્થીઓ, દૂધ ઉત્પાદકો તેમજ રોજિંદા કામકાજ માટે મુસાફરી કરતા લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખી માર્ગ અને મકાન પંચાયત વિભાગ દ્વારા તાત્કાલિક અસરથી યુધ્ધના ધોરણે કામગીરી શરૂ કરવામાં આવી હતી. સીમરણ-જીરા, જીરા-આંબા, જીરા-નાના ભમોદરા, નાના ભમોદરા-ખડકાળા, સાવરકુંડલા-નાના ભમોદરા,


તસવીર : સૌરભ દોશી

જૂનાસાવર-કેરાળા, જીરા-જીરા સ્ટેશન, કેરાળા-કુકાવાવ તેમજ ખાલપર-બવાડી જેવા મહત્વના માર્ગો પર બોર્ડર ભરાવવાની અને ધોવાણ દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. કામગીરી માટે કોરિસફોલ, જેસીબી, હિટાચી, ટ્રેક્ટર સહિતની મશીનરી તેમજ મજૂરોની ટીમોને સતત કાર્યરત રાખવામાં આવી હતી. વિભાગ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર તાલુકામાં જિલ્લા પંચાયત હસ્તકના અંદાજે ૨૨ રસ્તાઓને નુકસાન થયું હતું. જેમાંથી ૬ રસ્તાઓ સંપૂર્ણપણે વાહનવ્યવહાર માટે બંધ થઈ ગયા હતા. જોકે તાત્કાલિક સમારકામ અને મરામત કામગીરીના કારણે મોટાભાગના માર્ગો ફરીથી વાહનવ્યવહાર માટે ખુલ્લા કરી દેવામાં આવ્યા છે. હાલમાં બાકી રહેલા બે રસ્તાઓ પર પણ કામગીરી ઝડપી ગતિએ ચાલી રહી છે. વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે વરસાદ બાદ તાત્કાલિક સર્વેક્ષણ કરીને નુકસાનનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ જરૂરી મશીનરી અને માનવબળની મદદથી અસરગ્રસ્ત માર્ગો પર કામગીરી શરૂ કરવામાં આવી હતી. આવશ્યક સેવાઓ, આરોગ્ય સુવિધાઓ, દૂધ વિતરણ, શાળા પરિવહન અને ગ્રામ્ય વિસ્તારોના દૈનિક જીવનને ઝડપથી સામાન્ય બનાવવાના હેતુથી પ્રાથમિકતા આધારે રસ્તાઓ ખુલ્લા કરવામાં આવ્યા હતા.સ્થાનિક ગ્રામજનોએ માર્ગ અને મકાન પંચાયત વિભાગની ઝડપી અને અસરકારક કામગીરીની પ્રશંસા કરી છે. ભારે વરસાદથી સર્જાયેલી વિકટ પરિસ્થિતિ વચ્ચે સમયસર સમારકામ હાથ ધરાતા લોકોને મોટી રાહત મળી છે. હાલમાં તાલુકાના મોટાભાગના માર્ગો પર સ્થિતિ સામાન્ય બની રહી છે અને બાકી રહેલા સમારકામના કામો પણ ટૂંક સમયમાં પૂર્ણ થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

# સા.કુંડલાના શાક માર્કેટમાં ભરાયેલા પાણીનો નિકાલ કરવા પાલિકાએ મોડી રાત સુધી કામગીરી કરી

સાવરકુંડલા,તા.૧૩

સાવરકુંડલા શહેરમાં સતત વરસાદને કારણે શાક માર્કેટ વિસ્તારમાં પાણી ભરાયા હતા, જેનાથી વેપારીઓને મુશ્કેલી પડી રહી હતી. આ સમસ્યા અંગે શાક માર્કેટ વેપારી મંડળે રજૂઆત કરી હતી, જેને ધ્યાનમાં લઈને નગરપાલિકાની ટીમે તાત્કાલિક કામગીરી શરૂ કરી હતી. વેપારીઓની સુવિધા જળવાઈ



રહે અને બજારની કામગીરીને અસર ન થાય તે હેતુથી નગરપાલિકાના અધિકારીઓ અને કર્મચારીઓ રાત્રિના સ્થળ પર પહોંચ્યા હતા. શાક માર્કેટ વેપારી મંડળના પ્રતિનિધિઓની હાજરીમાં સમગ્ર વિસ્તારનું નિરીક્ષણ કરાયું હતું. વરસાદી પાણીના યોગ્ય નિકાલ માટે કચરા અને ગાદને દૂર કરીને ડ્રેનેજ વ્યવસ્થા સુધારવાની કામગીરી રાત્રે એક વાગ્યા સુધી હાથ ધરવામાં આવી હતી. નગરપાલિકાની આ ત્વરિત કામગીરીને વેપારીઓએ આવકારી હતી અને સમયસર કાર્યવાહી બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

# રાજુલામાં આવેલી સંઘવી કોલેજમાં NSS વિભાગ દ્વારા વૃક્ષારોપણ કરાયું

રાજુલા,તા.૧૩

રાજુલાની શ્રીમતી એચ. બી.સંઘવી મહિલા આર્ટ્સ અને કોમર્સ કોલેજ ખાતે આજે એન. એસ.એસ. યુનિટ ૧ તથા ૨ના સંયુક્ત ઉપક્રમે વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવેલ. જેમાં બહેનો દ્વારા વન્ય પ્રકૃતિને જાળવવા અને પર્યાવરણ સંતુલન માટેનો હેતુ સાર્થક કરવા માટે વૃક્ષારોપણ


તસવીર : ગોપાલ રાઠોડ

કરવામાં આવેલ. કેમ્પસ મેનેજર રવિભાઈ વ્યાસ, કેમ્પસ ડાયરેક્ટર ડો. જીગ્નેશભાઈ વાજા અને સેક્રેટરી બાલકૃષ્ણભાઈ ત્રિવેદીના હસ્તે વૃક્ષારોપણનો કાર્યક્રમ કરવામાં આવેલ. આ સાથે બહેનોએ પણ તેમના જન્મ દિવસે પણ એક વૃક્ષ વાવી પ્રકૃતિની જાળવણી કરવાનો અનોખો સંકલ્પ કરેલ. કોલેજના આચાર્ય ડો. રીટાબેન રાવળ દ્વારા માર્ગદર્શન આપવામાં આવેલ. એન.એન.એસ પ્રોગ્રામ ઓફિસર જાગૃતીબેન તેરૈયા અને ભગવતીબેન વડીયા દ્વારા સંપૂર્ણ કાર્યક્રમની જહેમત ઉઠાવવામાં આવી હતી.

# ધારીના સરસીયા ગામની પરિણીતા પર અમદાવાદમાં સાસરિયાએ સિતમ ગુજાર્યો

**મારઝૂડ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી**

ધારી, તા. ૧૩

ધારીના સરસીયા ગામની પરિણીતા પર અમદાવાદમાં સાસરિયાએ સિતમ ગુજાર્યો હતો. સાસરિયાએ મારઝૂડ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ બનાવ અંગે હાલ સુરત રહેતી અને મૂળ સરસીયા ગામની કંચનબેન રવજીભાઈ પડસાળા (ઉ.વ. ૪૩)એ અમદાવાદના નિકોલમાં રહેતા પતિ મહેશકુમાર કાળુભાઈ કુંભાણી, સસરા કાળુભાઈ ડાયાભાઈ કુંભાણી, સાસુ જયાબેન કાળુભાઈ કુંભાણી, જેઠ હરેશભાઈ કાળુભાઈ કુંભાણી તથા જેઠાણી શીતલબેન હરેશભાઈ કુંભાણી સામે ફરિયાદ નોંધાવી હતી. આ તમામ આરોપીઓએ તેમને અવારનવાર શારીરિક અને માનસિક દુઃખ-ત્રાસ આપ્યો હતો, તેમજ ઘરકામ બાબતે મેણાં-ટોણાં માર્યા હતા. પતિએ તેમને ગાળો આપી મારઝૂડ કરી હતી. આ તમામે તેમને મારી નાખવાની ધમકી આપી હતી અને અવારનવાર કરિયાવરની માંગણી કરી હતી.

# ધારી તાલુકાના શેલ ખંભાળીયા ગામે જુના મનદુઃખમા ભત્રીજાએ કાકાને લાકડીથી ફટકાર્યા

ધારી, તા.૧૩

ધારીના શેલ ખંભાળીયા ગામે ૧૫ વર્ષ પહેલાં મારેલી ઝાપટના મનદુઃખમાં એક પ્રૌઢને લાકડી વડે માર મારવામાં આવ્યો હતો. આ અંગે પ્રતાપભાઈ બાલુભાઈ વાળા (ઉ.વ.૫૦) એ શિવરાજભાઈ અમરશીભાઈ વાળા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેમનો ભત્રીજો (આરોપી) શિવરાજભાઈ આશરે ૧૫ વર્ષ પહેલાં તોફાન કરતો હોવાથી પ્રતાપભાઈએ તેને ઝાપટ મારી હતી. ત્યારથી તેઓ એકબીજા સાથે બોલતા નહોતા. જે બનાવનું મનદુઃખ રાખી આરોપીએ તેમને ગાળો આપી હતી અને માથાના ભાગે લાકડી વડે માર મારી મૂંઢ ઈજા કરી હતી. તેમજ ડાબા હાથે તથા ડાબા પગે લાકડી વડે માર મારતાં ફ્રેક્ચર થયું હતું અને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. ચલાલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ રવિરાજભાઈ પ્રતાપભાઈ વાળા આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

# બગસરા-હામાપુર રોડ પુલ પાસે ઈનોવા કારમાંથી ૧૦૦૦ લીટર દેશી દારૂ પકડાયો

**જામ બરવાળા ગામેથી ૨૫ બોટલ વિદેશી દારૂ ઝડપાયો**

બગસરા, તા. ૧૩

અમરેલી જિલ્લામાં પોલીસે પ્રોહિબિશન સામે લાલ આંખ કરી છે. બગસરા - હામાપુર રોડ પુલ પાસે એક કારમાંથી ૧૦૦૦ લીટર દેશી દારૂ પકડાયો હતો, જ્યારે જામ બરવાળા ગામેથી ૨૫ બોટલ વિદેશી દારૂ ઝડપાયો હતો. તાઈવદર ગામના રવુભાઈ નનકાભાઈ શાખ (ઉ.વ. ૩૬) બગસરા - હામાપુર રોડ પુલ પાસેથી ઈનોવા કાર લઈને પસાર થતા હતા, ત્યારે પોલીસે તેમને અટકાવી તલાશી લેતા કારમાંથી ૧૦૦૦ લીટર દેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે કાર અને દારૂ સહિત રૂપિયા ૬.૫૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

આ ઉપરાંત, જામ બરવાળા ગામેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૨૫ બોટલ અને ૧૫ લીટર દેશી દારૂ મળી આવ્યો હતો. જ્યારે દાતરડી, નાગેશ્રી, ચાંચ અને અમરેલીમાંથી એક-એક વ્યક્તિ કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા ઝડપાયા હતા.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિઃ અમાસ
તા.૧૪-૦૭-૨૦૨૬, મંગળવાર, સૂર્યોદય-૦૫:૩૨,
સૂર્યાસ્ત-૦૭:૨૧, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: પુનર્વસુ

## દૈનિક રાશિફળ

**તા.૧૪-૦૭-૨૦૨૬ મંગળવાર**

મેષ:કામના સ્થળે સાનૂકુળ પરિસ્થિતિ રહેશે. વેપારમાં લાભના સંજોગ છે. પરંતુ આજે વ્યવહાર પર ખાસ ધ્યાન આપજો, કોઇને સાથે અણબનાવ બનવાની આશંકા છે.

વૃષભ: આજે ગુસ્સો વધારે આવશે તો અંકુશ જાળવી રાખજો. કેટલાક લોકોને આળસ આવશે. વિદ્યાર્થીઓએ અભ્યાસ પર ખાસ ધ્યાન આપવું.

મિથુન:આજે ટીમવર્કમાં કામ કરવું જોઇએ, જેથી સારા પરિણામ મળશે. વાતચીત દરમિયાન નવો આઇડિયા આવી શકે છે.

કર્ક: આજે આપ દિવસ દરમિયાન વ્યસ્ત રહેશો. સાંજ સુધી આ રાશિના લોકોને સારા સમાચાર મળી શકે છે. આજે રોકાણ કરવાનું વિચારી રહ્યો છો તો દિવસ શ્રેષ્ઠ છે.

સિંહ: આજનો દિવસ મંગળમય રહેશે. શુભ દિવસનો લાભ ઉઠાવવો જોઇએ. કામના સ્થળે તાલમેલથી કામ કરવું અને સહ કર્મચારીઓ સાથે વિવાદમાં ઉતરતાં બચવું.

કન્યા:વિદ્યાર્થીઓ અભ્યાસ પર ધ્યાન આપે. વેપાર અર્થે નવી ટેકનિક ફાયદામાં રહેશે. સાંજ સુધી લાભ થશે, મહેનતની કામ કરતા રહેજો.

તુલા: આજનો દિવસ હળવો રહેશે. ઉતાવળમાં કામ કરતાં નુકસાન પહોંચી શકે છે. પ્રયત્ન કરતાં રહેશો તો અટકેલુ કામ પૂર્ણ થશે.

વૃશ્ચિક: આજે જીવનમાં કંઇક ખાસ અનુભવ થશે, પરંતુ જોખમવાળા કામમાં ધ્યાન આપવું જરુરી છે. પરિવારમાં વિરોધીઓ છે તો આજે સાચવીને રહેવું.

ધન: આજનો દિવસ શુભ રહેશે. કામનું પ્રેશર રહેશે, વ્યસ્ત રહેશો. બુધ્ધિ અને સમજશક્તિથી કરેલા કામથી આજે લાભ થશે. જૂની અડચણનો અંત આવી શકે છે.

મકર: આજે તમારો દિવસ સારો વિતશે. ગુસ્સો આવી શકે છે, તો દિવસ દરમિયાન વાણી પર અંકુશ રાખવો જરુરી છે, નહીં તો પરિવારમાં વિવાદ વધશે.

કુંભ: આજે આપનો દિવસ મિશ્રણભર્યો રહેશે. બપોર સુધી આકરી મહેનત કરવી પડશે. સાંજ સુધી લાભની તકો મળશે. સાંજના સમયે કામમાંથી સમય કાઢીને પાર્ટી કરી શકો છો.

મીન: આજે બપોર પહેલા કોઇ સારા સમાચાર મળી શકે છે. કામના સ્થળે સહયોગીઓની મદદ મળશે, ટીમવર્કથી તમારું કામ સમયસર પૂરુ થશે.

# રાજુલા પોલીસે ઘરફોડ ચોરીના ગુનામાં એક વર્ષથી નાસતો ફરતો લીસ્ટેડ આરોપી ઝડપ્યો

રાજુલા,તા.૧૩

ભાવનગર રેન્જમાં નાસતા ફરતા આરોપીઓને પકડવાની ઝુંબેશ અંતર્ગત રાજુલા પોલીસે એક વર્ષથી ફરાર ઘરફોડ ચોરીના લીસ્ટેડ આરોપીને ઝડપી પાડ્યો છે. નાયબ પોલીસ અધિક્ષક (રાજુલા વિભાગ)ના માર્ગદર્શન અને પોલીસ ઈન્સ્પેક્ટર વી.એમ.



કોલાદરાની રાહબારી હેઠળ રાજુલા પોલીસ ટીમે આ સફળ કામગીરી કરી છે. પોલીસના જણાવ્યા મુજબ, રાજુલા પોલીસ મથકના વર્ષ ૨૦૨૪ના ઘરફોડ ચોરીના ગુનાનો આરોપી દિનેશભાઈ ધીરુભાઈ વાઘેલા (રહે. ગુંદરણ, તા. લીલીયા, જી. અમરેલી) છેલ્લા એક વર્ષથી ધરપકડ ટાળવા નાસતો ફરતો હતો. આ આરોપી સામે નામદાર કોર્ટ દ્વારા BNSS

**કોર્ટના ઘરપકડ વોરંટના આધારે પોલીસે અમરેલીના શખ્સને દબોચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી**

કલમ ૭૨ મુજબ ધરપકડ વોરંટ પણ બહાર પાડવામાં આવ્યું હતું. જેને પોલીસે ચોક્કસ બાતમીના આધારે ઝડપી પાડી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ધારીમાં કરિયાણાના વેપારીને વિશ્વાસમાં લઈ ૩.૭૦ લાખનો માલ ખરીદ્યા બાદ પૈસા ન ચૂકવ્યા

ધારી, તા.૧૩

ધારીમાં કરિયાણાના વેપારીને વિશ્વાસમાં લઈ રૂ. ૩.૭૦ લાખનો માલ ખરીદ્યા બાદ પૈસા ન ચૂકવ્યા હતા. આ અંગે કરિયાણાના વેપારી શબીરભાઈ તાહીરભાઈ લક્ષ્મીધર (ઉ.વ.૪૯) એ અજયભાઈ સુંદરલાલ મઢીયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ કરિયાણા અને જનરલ સ્ટોર્સની દુકાન ચલાવે છે. આરોપીએ તેમને ઉધાર કરિયાણું આપવા અને પૈસા પછી ચૂકવી આપવાનો વિશ્વાસ આપી વિશ્વાસમાં લીધા હતા અને તેમની પાસેથી અલગ અલગ સમયે કુલ રૂ. ૩,૭૦,૬૪૯ નું જથ્થાબંધ કરિયાણું લઈ રકમ નહીં આપી વિશ્વાસઘાત અને ઠગાઈ કરી હતી. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ધર્મેન્દ્રભાઈ જે. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# બાબરામાં મજૂરીના પૈસા લેવા જતા ભૂંડા બોલ્યા

બાબરા, તા.૧૩

બાબરામાં મજૂરીના પૈસા લેવા જતા ભૂંડા બોલીને લાકડીથી મુંઢ માર માર્યો હતો. આ અંગે જેવરસિંહ મનુભાઈ ગોહીલ (ઉ.વ.૫૫)એ અર્જુનભાઈ ભોગીરામ ગોહીલ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમને આરોપી પાસેથી મજૂરીના પૈસા લેવાના હોવાથી તે લેવા ગયા હતા. આ સમયે તેમને ગાળો બોલી લાકડીથી મુંઢ માર મારીને ઈજા કરી હતી.

# મીઠાના અગરના તળાવમાં ડૂબી જવાથી યુવકનું મોત

રાજુલા, તા.૧૩

રાજુલાના ચાંચ બોપળીયા વિસ્તારમાં રહેતા એક યુવકનું મીઠાના અગરના તળાવમાં અકસ્માતે પડી જતા ડૂબી જવાથી મોત થયું હતું. બનાવ અંગે નવનીતભાઈ લક્ષ્મણભાઈ ચૌહાણ (ઉ.વ.૩૩)એ જાહર કર્યા મુજબ, ધરમશીભાઈ લક્ષ્મણભાઈ ચૌહાણ (ઉ.વ.૩૨)નું મીઠાના અગરના તળાવમાં અકસ્માતે પડી જવાથી અને પાણીમાં ડૂબી જવાથી મોત થયું હતું.

# લાઠીના જરખીયા ગામની બહેન-દીકરીઓનું "સખી વૃન્દ" સ્નેહમિલન યોજાયું

લાઠી,તા.૧૩

લાઠી તાલુકાના જરખીયા ગામની બહેન-દીકરીઓનું "સખી વૃન્દ" સ્નેહમિલન તા.૧૦/૦૭/૨૦૨૬ ને શુક્રવારે ગઢપુર રોડ પર આવેલા રામવાડી પાર્ટી પ્લોટમાં બપોરે ૩થી ૯ વાગ્યા દરમિયાન યોજાયેલ. આ કાર્યક્રમમાં ૬૦૦ જેટલી બહેનો, દીકરીઓ ઉપસ્થિત રહેલ. આ કાર્યક્રમ દરમિયાન ગામડાઓને જીવંત રાખવા, સામાજિક એકતા મજબૂત બનાવવા, પરંપરાઓને જાળવવા અને સમાજમાં સુખ-શાંતિ તથા વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સૌને આહ્વાન કરવામાં આવ્યું. સંસ્કૃતિ, વારસો અને વિરાસતોને જીવંત રાખવા, નવી પેઢીને તેના સંસ્કારો સાથે જોડવા અને ગામ સાથેનો લાગણીભર્યો સંબંધ વધુ મજબૂત બનાવવા સૌએ સંકલ્પ વ્યક્ત કર્યો. રસોઈના દાતા જરખીયાના વતની મનુભાઈ ગોબરભાઈ કાકડીયા



હતા. રામવાડી પાર્ટી પ્લોટના માલિક રામભાઈ ધડુકે આ કાર્યક્રમ માટે નિઃશુલ્ક સગવડ આપેલ, આ તકે તેમનું સન્માન કરવામાં આવેલ. વર્ષો પછી ગામની બહેન-દીકરીઓ એક જ છત નીચે ભેગી થઈ ત્યારે બાળપણની અસંખ્ય યાદો ફરી તાજી થઈ હતી. સ્નેહમિલનમાં ઉપસ્થિત દીકરીઓ તરફથી ગામમાં ચાલી રહેલ કુતરાઓ માટેની 'રામ રોટી' માં રૂ. ૪૧૫૭૦ અર્પણ કરવામાં આવેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સુરેખા કાકડિયા, નેહા કાકડીયા, સેજલ સભાયા અને રસિલાબેન બરવાળિયા વગેરેએ જહેમત ઉઠાવી હતી.

તંત્રી લેખ

# ભારતની વૈશ્વિક ભાગીદારીનો નવો અધ્યાય

ભારત આજે વિશ્વના એવા દેશોમાં સ્થાન મેળવી રહ્યું છે, જે માત્ર પોતાની આર્થિક શક્તિથી નહીં પરંતુ વિશ્વાસપાત્ર ભાગીદાર તરીકે પણ ઓળખાઈ રહ્યું છે. વડાપ્રધાનની ન્યૂઝીલેન્ડ મુલાકાત અને બંને દેશો વચ્ચે સહકારને નવી દિશા આપવાના પ્રયાસો એ જ હકીકતને વધુ મજબૂત બનાવે છે. વૈશ્વિક રાજકારણમાં ઝડપથી બદલાતી પરિસ્થિતિ વચ્ચે ભારતનું સંતુલિત અને વિકાસલક્ષી વિદેશ નીતિનું વલણ દેશ માટે નવી તકોનું દ્વાર ખોલી રહ્યું છે.

ભારત અને ન્યૂઝીલેન્ડ ભૌગોલિક રીતે ભલે હજારો કિલોમીટર દૂર હોય, પરંતુ બંને લોકશાહી મૂલ્યો, કાયદાના શાસન અને શાંતિપૂર્ણ વિકાસમાં વિશ્વાસ ધરાવતા દેશો છે. છેલ્લા કેટલાક વર્ષોમાં બંને દેશો વચ્ચે વેપાર, શિક્ષણ, કૃષિ, ટેક્નોલોજી, નવીનીકરણીય ઊર્જા અને સંશોધન ક્ષેત્રે સહકાર સતત વધ્યો છે. હવે આ સંબંધોને વધુ વ્યાપક બનાવવાનો પ્રયાસ માત્ર દ્વિપક્ષીય હિત પૂરતો મર્યાદિત નથી, પરંતુ સમગ્ર ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં સ્થિરતા અને સમૃધ્ધિ માટે પણ મહત્વપૂર્ણ બની રહ્યો છે.

ભારતની સૌથી મોટી તાકાત તેની યુવા શક્તિ, વિશાળ બજાર અને ઝડપી વિકસતી ડિજિટલ અર્થવ્યવસ્થા છે. બીજી તરફ ન્યૂઝીલેન્ડ કૃષિ, ખાદ્ય પ્રોસેસિંગ, શિક્ષણ અને પર્યાવરણ સંરક્ષણ જેવા ક્ષેત્રોમાં વૈશ્વિક પ્રતિષ્ઠા ધરાવે છે. બંને દેશો પોતાની વિશેષતાઓને એકબીજા સાથે જોડે તો બંનેને લાંબા ગાળાનો લાભ મળી શકે છે. ભારતીય ખેડૂતો માટે આધુનિક કૃષિ પધ્ધતિઓ, ડેરી ક્ષેત્રમાં નવી ટેક્નોલોજી અને ખાદ્ય નિકાસના નવા બજારો ખુલવાની શક્યતા વધે છે. સાથે સાથે ભારતીય વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ શિક્ષણ અને સંશોધનની નવી તકો પણ ઉપલબ્ધ બની શકે છે.

ભારત આજે વિશ્વને માત્ર વિકાસનો નહીં પરંતુ વિશ્વાસનો પણ સંદેશ આપી રહ્યું છે. પર્યાવરણ સંરક્ષણ, સ્વચ્છ ઊર્જા, આપત્તિ વ્યવસ્થાપન, આરોગ્ય સુરક્ષા અને વૈશ્વિક શાંતિ જેવા મુદ્દાઓ પર ભારત સકારાત્મક નેતૃત્વ દર્શાવી રહ્યું છે. ન્યૂઝીલેન્ડ જેવા દેશો સાથેનો સહકાર આ દિશામાં વધુ અસરકારક પરિણામો આપી શકે છે. સંયુક્ત સંશોધન, ગ્રીન ટેક્નોલોજી અને ટકાઉ વિકાસના પ્રયાસો આગામી પેઢી માટે વધુ સુરક્ષિત ભવિષ્યનું નિર્માણ કરશે.

આવા આંતરરાષ્ટ્રીય સંબંધોનું મૂલ્યાંકન માત્ર કરારોની સંખ્યાથી નહીં પરંતુ તેનાથી સામાન્ય નાગરિકને થતા લાભથી થવું જોઈએ. જો વેપાર વધશે તો ઉદ્યોગોને નવા બજારો મળશે. જો શિક્ષણ ક્ષેત્રે સહકાર વધશે તો વિદ્યાર્થીઓને વધુ ગુણવત્તાયુક્ત તકો મળશે. જો ટેક્નોલોજીનું આદાન-પ્રદાન થશે તો નવી રોજગારી અને નવીન ઉદ્યોગોનો વિકાસ થશે. એટલે કે વિદેશ નીતિનો સીધો સંબંધ દેશના આર્થિક અને સામાજિક વિકાસ સાથે જોડાયેલો છે.

ભારત માટે આજનો સમય વૈશ્વિક સ્તરે નવી ઓળખ સ્થાપિત કરવાનો છે. વિશ્વાસ, સહકાર અને વિકાસના માર્ગે આગળ વધતી ભારતની રાજદ્વારી તાકાત દેશને વધુ મજબૂત અને સમૃધ્ધ બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. ન્યૂઝીલેન્ડ સાથેના સંબંધોનું નવું પ્રકરણ પણ આ જ દિશામાં એક આશાસ્પદ પગલું છે. જો આવી ભાગીદારી સતત વિસ્તરતી રહેશે તો ભારત માત્ર આર્થિક મહાશક્તિ તરીકે જ નહીં, પરંતુ જવાબદાર અને વિશ્વસનીય વૈશ્વિક નેતા તરીકે પણ પોતાની આગવી ઓળખ વધુ મજબૂત બનાવી શકશે.

# વધતી જતી હાર્ટ એટેકની સમસ્યા નિવારવા સમયસર જાગૃતિ જ સાચી સુરક્ષા છે


પ્રાસંગિક
સુરેશ દેસાઈ

આધુનિક યુગમાં હૃદયરોગ સમગ્ર વિશ્વ માટે ગંભીર જાહેર આરોગ્યનો પડકાર બની ગયો છે. એક સમય હતો જ્યારે હાર્ટ એટેક અને હૃદયરોગને મુખ્યત્વે વૃધ્ધાવસ્થાની સમસ્યા માનવામાં આવતી હતી, પરંતુ આજે પરિસ્થિતિ સંપૂર્ણપણે બદલાઈ ગઈ છે. હવે ત્રીસથી ચાલીસ વર્ષની ઉંમરના યુવાનોમાં પણ હાર્ટ એટેકના કેસો વધી રહ્યા છે. ગુજરાત પણ આ સ્થિતિ ચિંતા નું કારણ બને તે. છેલ્લા કેટલાક વર્ષોમાં રાજ્યમાં હૃદયરોગના દર્દીઓની સંખ્યામાં સતત વધારો નોંધાયો છે. આ વધારો માત્ર આંકડાઓ પૂરતો મર્યાદિત નથી, પરંતુ તે બદલાતી જીવનશૈલી, ખોરાકની આદતો, માનસિક તણાવ અને શારીરિક નિષ્ક્રિયતાનું પ્રતિબિંબ છે. તેથી હૃદયરોગને માત્ર સારવારનો નહીં પરંતુ નિવારણ અને જાગૃતિનો વિષય તરીકે જોવાની જરૂર છે.

હૃદય આપણા શરીરનું સૌથી મહત્વપૂર્ણ અંગ છે. તે દિવસ-રાત સતત કાર્ય કરીને શરીરના દરેક ભાગ સુધી ઓક્સિજનયુક્ત લોહી પહોંચાડે છે. હૃદય પોતે પણ જીવંત સ્નાયુ હોવાથી તેને કાર્યરત રહેવા માટે કોરોનરી ધમનીઓ દ્વારા લોહી અને ઓક્સિજન મળતા રહે છે. જ્યારે આ ધમનીઓમાં ચરબી, કોલેસ્ટ્રોલ અથવા લોહીના ગંઠાવાને કારણે અવરોધ સર્જાય છે ત્યારે હૃદય સુધી પૂરતું લોહી પહોંચી શકતું નથી. પરિણામે હૃદયના સ્નાયુઓને નુકસાન થવા લાગે છે અને આ સ્થિતિને હાર્ટ એટેક અથવા હૃદયાઘાત કહેવાય છે. સમયસર સારવાર ન મળે તો દર્દીનો જીવ પણ જોખમમાં મુકાઈ શકે છે. તેથી છાતીમાં ભારે દુખાવો, દબાણ અનુભવવું, ડાબા હાથ, ખભા, જડબા અથવા પીઠમાં દુખાવો ફેલાવવો, વધુ પરસેવો આવવો, શ્વાસ લેવામાં તકલીફ થવી અથવા અચાનક ગભરામણ અનુભવવી જેવા લક્ષણોને ક્યારેય સામાન્ય ગણીને અવગણવા જોઈએ નહીં.

ભારતમાં જ નહીં પરંતુ ગુજરાતમાં પણ હૃદયરોગના કેસોમાં ચિંતાજનક વધારો નોંધાઈ રહ્યો છે. ઉપલબ્ધ સરકારી માહિતી મુજબ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં હૃદયરોગના કેસોમાં પંદર ટકાથી વધુનો વધારો નોંધાયો છે. વર્ષ ૨૦૨૧ની સરખામણીએ વર્ષ ૨૦૨૫માં નોંધાયેલા દર્દીઓની સંખ્યા નોંધપાત્ર રીતે વધી છે. રાજ્યમાં અમદાવાદ જિલ્લામાં સૌથી વધુ દર્દીઓ નોંધાયા છે, જ્યારે વડોદરા, સુરત, રાજકોટ અને ભાવનગર જેવા જિલ્લાઓમાં પણ સતત વધારો જોવા મળી રહ્યો છે. આંકડાઓ સ્પષ્ટ દર્શાવે છે કે હૃદયરોગ હવે માત્ર મહાનગરોની સમસ્યા રહ્યો નથી, પરંતુ સમગ્ર ગુજરાત માટે ચિંતાનો વિષય બની ગયો છે.

આ વધારાનું સૌથી મોટું કારણ જીવનશૈલીમાં આવેલા ઝડપી પરિવર્તનો છે. આજે મોટાભાગના લોકો લાંબા સમય સુધી ઓફિસમાં અથવા કમ્પ્યુટર સામે બેસીને કામ કરે છે. શારીરિક શ્રમમાં સતત ઘટાડો થયો છે. ચાલવાની ટેવ ઓછી થઈ ગઈ છે અને વાહનો પર નિર્ભરતા વધી છે. નિયમિત કસરત અને યોગ માટે સમય ન કાઢવાના કારણે શરીરમાં ચરબીનું પ્રમાણ વધે છે, જે ધીમે ધીમે હૃદયની ધમનીઓને નુકસાન પહોંચાડે છે. શરીર જેટલું નિષ્ક્રિય રહે છે, તેટલું હૃદયરોગનું જોખમ વધે છે.



ખોરાકની આદતોમાં આવેલા બદલાવ પણ એટલા જ જવાબદાર છે. ઘરનું પૌષ્ટિક ભોજન છોડીને બહારનું ફાસ્ટ ફૂડ, વધુ તેલવાળો, મીઠાઈયુક્ત અને વધુ મીઠાવાળો ખોરાક લેવાની ટેવ વધી છે. આ પ્રકારનો આહાર શરીરમાં ખરાબ કોલેસ્ટ્રોલનું પ્રમાણ વધારે છે. પરિણામે ધમનીઓ સાંકડી બનવા લાગે છે અને હાર્ટ એટેકનું જોખમ વધે છે. બીજી તરફ ફળો, લીલા શાકભાજી, કઠોળ અને રેસાયુક્ત ખોરાકનું ઓછું સેવન પણ આરોગ્ય માટે નુકસાનકારક બની રહ્યું છે.

માનસિક તણાવ આજના જીવનની સૌથી મોટી સમસ્યાઓમાંની એક છે. સતત સ્પર્ધા, નોકરીની અનિશ્ચિતતા, આર્થિક દબાણ, વ્યવસાયિક જવાબદારીઓ અને ડિજિટલ જીવનશૈલીના કારણે લોકો પૂરતો આરામ કરી શકતા નથી. ઊંઘનો અભાવ, સતત ચિંતા અને માનસિક દબાણ શરીરમાં એવા હોર્મોન્સનું સ્તર વધારે છે જે બ્લડ પ્રેશર વધારવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. લાંબા સમય સુધી રહેતો તણાવ હૃદયને ધીમે ધીમે નબળું બનાવે છે.

ડાયાબિટીસ, હાઈ બ્લડ પ્રેશર અને વધેલું કોલેસ્ટ્રોલ હૃદયરોગના સૌથી મોટા જોખમી પરિબળો છે. આ ત્રણેય સમસ્યાઓનું યોગ્ય નિયંત્રણ ન કરવામાં આવે તો હાર્ટ એટેકનું જોખમ અનેકગણું વધી જાય છે. તમાકુ, સિગારેટ, બીડી, ગુટખા અને દારૂ જેવા વ્યસનો હૃદયની ધમનીઓને ગંભીર નુકસાન પહોંચાડે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં વાયુ પ્રદૂષણને પણ હૃદયરોગ માટેનું મહત્વનું કારણ માનવામાં આવી રહ્યું છે. ચિંતાજનક બાબત એ છે કે હવે યુવાનોમાં પણ હાર્ટ એટેકના કેસો ઝડપથી વધી રહ્યા છે. અનિયમિત જીવનશૈલી, રાત્રે મોડે સુધી જાગવાની ટેવ, જંક ફૂડનું વધતું સેવન, ઊંઘનો અભાવ અને સતત માનસિક દબાણને કારણે યુવાનોનું હૃદય પણ જોખમમાં આવી રહ્યું છે. અગાઉ જે રોગ પચાસ કે સાઠ વર્ષની ઉંમર પછી જોવા મળતો હતો તે હવે ત્રીસથી ચાલીસ વર્ષની ઉંમરે પણ જોવા મળી રહ્યો છે. આ સ્થિતિ સમગ્ર સમાજ માટે ચેતવણી સમાન છે.

હૃદયરોગ સામે લડવામાં સમયસર નિદાન ખૂબ જ મહત્વનું છે. જો બ્લડ પ્રેશર, બ્લડ શુગર અને કોલેસ્ટ્રોલની નિયમિત તપાસ કરવામાં આવે તો ઘણા દર્દીઓમાં જોખમને શરૂઆતના તબક્કામાં જ ઓળખી શકાય છે. પરિવારમાં જો હૃદયરોગનો ઈતિહાસ હોય તો વધુ સાવચેતી રાખવાની જરૂર છે. નિયમિત આરોગ્ય તપાસ, ઈસીજી, ઈકોકાર્ડિયોગ્રાફી અથવા અન્ય જરૂરી તપાસો ડૉક્ટરની સલાહ મુજબ કરાવવાથી ગંભીર પરિસ્થિતિ ઊભી થાય તે પહેલાં જ યોગ્ય સારવાર શરૂ કરી શકાય છે.

ગુજરાત સરકારે છેલ્લા કેટલાક વર્ષોમાં હૃદયરોગની સારવાર માટે સરકારી હોસ્પિટલોમાં કાર્ડિયાક સેવાઓનો વિસ્તાર કર્યો છે. આધુનિક કેથલેબ, એન્જિયોપ્લાસ્ટી અને બાયપાસ સર્જરી જેવી સુવિધાઓ હવે વધુ જિલ્લાઓમાં ઉપલબ્ધ બની રહી છે. આયુષ્માન ભારત અને રાજ્ય સરકારની આરોગ્ય યોજનાઓના કારણે આર્થિક રીતે નબળા વર્ગના દર્દીઓને પણ સારવાર સરળ બની છે. તેમ છતાં માત્ર સારવાર પૂરતી નથી. જો લોકો જીવનશૈલીમાં જરૂરી સુધારા નહીં કરે તો દર્દીઓની સંખ્યા સતત વધતી જ રહેશે.


હૃદયરોગથી બચવાનો સૌથી અસરકારક માર્ગ સ્વસ્થ જીવનશૈલી અપનાવવાનો છે. દરરોજ ઓછામાં ઓછા ત્રીસથી ચાલીસ મિનિટ તેજ ગતિએ ચાલવું, યોગ અને પ્રાણાયામ કરવું, સંતુલિત અને પૌષ્ટિક આહાર લેવો, પૂરતી ઊંઘ લેવી અને તણાવને નિયંત્રિત રાખવો ખૂબ જરૂરી છે. તમાકુ અને દારૂ જેવા વ્યસનોનો સંપૂર્ણ ત્યાગ કરવો જોઈએ. શરીરનું વજન નિયંત્રણમાં રાખવું અને નિયમિત આરોગ્ય તપાસ કરાવવી પણ એટલી જ આવશ્યક છે.

સમાજમાં હૃદયરોગ અંગે જાગૃતિ વધારવી એ પણ સમયની મોટી જરૂરિયાત છે. શાળાઓ, કોલેજો, સરકારી કચેરીઓ, ખાનગી સંસ્થાઓ અને ઉદ્યોગોમાં હૃદય આરોગ્ય અંગે જાગૃતિ કાર્યક્રમો યોજવા જોઈએ. લોકોને હાર્ટ એટેકના પ્રારંભિક લક્ષણો વિશે માહિતી આપવામાં આવે તો ઘણા લોકોનો જીવ બચાવી શકાય છે. પ્રાથમિક સારવારની જાણકારી અને તાત્કાલિક હોસ્પિટલ સુધી પહોંચવાની સમજ પણ એટલી જ જરૂરી છે. ગુજરાતમાં વધતા હૃદયરોગના આંકડા માત્ર ચિંતાનો વિષય નથી, પરંતુ સમાજ માટે સ્પષ્ટ ચેતવણી પણ છે. જો આજે જ જીવનશૈલીમાં સુધારો કરવામાં આવશે, આરોગ્ય પ્રત્યે જાગૃતિ વધારવામાં આવશે અને નિયમિત તપાસને જીવનનો ભાગ બનાવવામાં આવશે તો આવનારા વર્ષોમાં હૃદયરોગના વધતા ભારને નોંધપાત્ર રીતે ઘટાડી શકાય છે. સ્વસ્થ હૃદય જ સ્વસ્થ પરિવારનું અને સ્વસ્થ પરિવાર જ સ્વસ્થ સમાજનું મૂળ છે. તેથી હૃદયની સંભાળને રોજિંદા જીવનની પ્રાથમિકતા બનાવવી એ આજના સમયની સૌથી મોટી આવશ્યકતા છે. જીવનની દોડમાં સફળતા મેળવવી મહત્વની છે, પરંતુ તે સફળતા ત્યારે જ અર્થપૂર્ણ બને જ્યારે હૃદય સ્વસ્થ હોય. સો વરસ સાજા નરવા રહેવા માટે આ અત્યંત જરૂરી છે.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૧૧૦ | ૧૮૯૦ |
| ઘઉં લોક્વન | ૪૩૦ | ૫૩૧ |
| ઘઉં ટુકડા | ૪૪૦ | ૬૩૧ |
| જુવાર સફેદ | ૧૦૬૫ | ૧૨૫૫ |
| જુવાર લાલ | ૧૨૩૬ | ૧૪૪૬ |
| જુવાર પીળી | ૪૪૦ | ૫૫૦ |
| બાજરી | ૩૮૯ | ૪૯૬ |
| મકાઇ | ૩૫૦ | ૫૦૧ |
| તુવેર | ૧૦૫૦ | ૧૫૩૩ |
| ચણા પીળા | ૧૦૫૦ | ૧૧૯૦ |
| ચણા સફેદ | ૧૦૮૦ | ૧૯૦૦ |
| અડદ | ૧૨૧૦ | ૧૯૪૬ |
| મગ | ૧૪૦૦ | ૧૭૮૦ |
| વાલ દેશી | ૬૮૦ | ૧૦૦૦ |
| ચોળી | ૯૦૦ | ૧૬૦૦ |
| વટાણા | ૫૪૦ | ૮૩૫ |
| કળથી | ૪૪૧ | ૫૪૦ |
| રાજમા | ૧૩૪૦ | ૧૬૯૮ |
| સીંગદાણા | ૧૬૫૦ | ૨૧૫૦ |
| મગફળી જાડી | ૧૧૮૦ | ૧૫૬૦ |
| મગફળી જીણી | ૧૧૬૦ | ૧૫૨૦ |
| તલી | ૨૩૩૦ | ૨૬૦૦ |
| એરંડા | ૧૨૦૦ | ૧૩૬૩ |
| અજમો | ૧૧૬૦ | ૨૯૦૦ |
| સુવા | ૧૪૦૦ | ૧૬૦૦ |
| સોયાબીન | ૧૧૩૧ | ૧૬૫૧ |
| સીંગફાડા | ૧૪૭૦ | ૧૭૭૦ |
| કાળા તલ | ૨૨૫૦ | ૩૭૬૦ |
| લસણ | ૧૧૫૦ | ૨૬૨૫ |
| ધાણા | ૨૪૨૫ | ૩૦૧૫ |
| ધાણી | ૨૪૭૫ | ૩૦૦૦ |
| વરીયાળી | ૧૨૦૦ | ૧૯૧૬ |
| જીરૂ | ૩૩૪૧ | ૩૯૫૨ |
| રાય | ૧૩૩૦ | ૧૭૪૦ |
| મેથી | ૯૪૦ | ૧૯૨૦ |
| ઇસબગુલ | ૧૩૦૦ | ૨૦૫૮ |
| કલોંજી | ૨૯૫૧ | ૩૫૬૫ |
| રાયડો | ૧૨૫૦ | ૧૪૩૯ |
| રજકાનું બી | ૭૦૦૦ | ૧૦૫૦૦ |
| ગુવારનું બી | ૧૦૫૦ | ૧૧૯૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૩૯૬ | ૭૨૩ |
| પપૈયા | ૧૪૩ | ૩૦૬ |
| બટેટા | ૮૩ | ૨૯૭ |
| ડુંગળી સુકી | ૨૦૦ | ૪૭૧ |
| ટમેટા | ૪૦૮ | ૭૧૧ |
| સુરણ | ૮૧૩ | ૧૦૧૬ |
| કોથમરી | ૧૭૮૪ | ૨૨૮૬ |
| રીંગણા | ૬૮ | ૧૫૩ |
| કોબીજ | ૧૬૬ | ૪૦૬ |
| ફ્લાવર | ૪૪૧ | ૭૦૯ |
| ભીંડો | ૩૯૬ | ૭૮૫ |
| ગુવાર | ૫૧૧ | ૧૨૦૬ |
| ચોળાસીંગ | ૫૨૧ | ૧૩૫૩ |
| ટીંડોળા | ૪૨૬ | ૯૮૬ |
| દુધી | ૩૦૬ | ૫૧૧ |
| કારેલા | ૪૧૩ | ૯૧૬ |
| સરગવો | ૬૪૪ | ૧૨૬૭ |
| તુરીયા | ૫૪૮ | ૧૦૮૮ |
| પરવર | ૬૦૧ | ૮૧૪ |
| કાકડી | ૪૦૯ | ૯૧૩ |
| ગાજર | ૩૫૮ | ૪૭૮ |
| વટાણા | ૧૮૧૩ | ૨૪૨૧ |
| ગલકા | ૪૧૬ | ૬૦૩ |
| બીટ | ૩૩૧ | ૫૪૬ |
| મેથી | ૧૨૪૪ | ૧૬૨૧ |
| ડુંગળી લીલી | ૧૧૮૯ | ૧૬૦૧ |
| આદુ | ૨૪૧૨ | ૩૩૯૬ |
| મરચા લીલા | ૫૦૭ | ૭૨૬ |
| મકાઇ લીલી | ૨૦૩ | ૪૧૧ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૪૧ | ૧૮૩૬ |
| ઘઉં લોક્વન | ૪૭૬ | ૫૫૮ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૬૧૨ |
| મગફળી જીણી | ૧૧૨૧ | ૧૬૨૧ |
| સિંગદાણા જાડા | ૧૪૫૧ | ૧૯૫૧ |
| સિંગ ફાડીયા | ૯૦૦ | ૧૭૧૧ |
| એરંડા / એરંડી | ૧૨૦૬ | ૧૩૮૬ |
| જીરૂ | ૨૧૦૧ | ૪૧૧૧ |
| ક્લંજી | ૧૦૦૦ | ૩૪૯૧ |
| વરીયાળી | ૧૦૫૧ | ૧૦૫૧ |
| ધાણા | ૨૬૫૧ | ૩૦૩૧ |
| ડુંગળી લાલ | ૧૪૧ | ૪૯૬ |
| અડદ | ૮૦૦ | ૧૯૧૧ |
| મઠ | ૩૦૦ | ૩૦૦ |
| તુવેર | ૯૦૧ | ૧૫૨૧ |
| રાય | ૧૬૦૧ | ૧૬૦૧ |
| મેથી | ૧૦૦૦ | ૧૭૭૧ |
| કાંગ | ૬૭૧ | ૬૭૧ |
| મગફળી જાડી | ૧૧૧૧ | ૧૬૫૬ |
| તલ - તલી | ૧૮૦૦ | ૨૭૦૧ |
| ધાણી | ૨૮૫૧ | ૩૧૧૧ |
| બાજરો | ૩૩૧ | ૩૪૧ |
| જુવાર | ૫૨૧ | ૧૨૮૧ |
| મકાઇ | ૫૦૧ | ૫૧૧ |
| મગ | ૧૦૫૧ | ૧૭૮૧ |
| વાલ | ૪૦૦ | ૮૯૧ |
| ચોળા / ચોળી | ૧૦૯૧ | ૧૨૭૧ |
| સોયાબીન | ૧૨૦૧ | ૧૭૦૧ |
| ગોગળી | ૭૦૦ | ૧૩૦૧ |
| વટાણા | ૪૨૧ | ૪૪૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૬૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૨૦૦૦ |
| કોબી | ૮૦ | ૪૦૦ |
| દુધી | ૨૦૦ | ૬૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૧૨૦૦ |
| કાકડી | ૨૦૦ | ૧૦૦૦ |
| રીંગણા | ૧૦ | ૨૪૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૨૦૦ |
| ગલકા | ૨૦૦ | ૬૦૦ |
| ગાજર | ૨૦૦ | ૮૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| વટાણા | ૨૦૦૦ | ૩૦૦૦ |
| કેરી કાચી | ૫૦૦ | ૭૦૦ |
| બટેટા | ૧૬૦ | ૨૬૦ |
| લીલી હળદર | ૮૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી પુરા | ૮ | ૧૨ |
| તાંજરીયા પુરા | ૩ | ૮ |
| કોથમીર પુરા | ૧૨ | ૧૮ |
| કાચા કેળા | ૧૦૦ | ૨૦૦ |
| ફ્રુદિફ્રિ | ૬૦૦ | ૮૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૧૨૦૦ |
| લીંબુ | ૧૮૦ | ૮૦૦ |
| મેથી પુરા | ૧ | ૧૭ |
| બીટ પુરા | ૮ | ૨૦ |
| સરગવો પુરા | ૧૦ | ૪૦ |
| ચોરા | ૨૦૦ | ૧૬૦૦ |
| કારેલા | ૨૦૦ | ૧૦૦૦ |
| આદુ | ૨૦૦ | ૩૬૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૪૦૦ |
| પાલક પુરા | ૫ | ૧૨ |
| **અમરેલી** | | |
| શિંગ મોટી | ૧૦૪૦ | ૧૩૯૦ |
| શિંગદાણા | ૧૪૯૫ | ૨૦૦૫ |
| શિંગદાણા ફાડા | ૧૫૪૦ | ૧૯૦૦ |
| તલ સફેદ | ૧૩૭૫ | ૨૯૦૦ |
| તલ કાળા | ૨૨૨૦ | ૩૯૩૦ |
| તલ કાશમીરી | ૨૪૨૫ | ૨૪૩૦ |
| ઘઉં ટુકડા | ૪૧૦ | ૫૭૦ |
| ઘઉં લોક્વન | ૫૦૦ | ૫૩૫ |
| મકાઈ | ૬૨૦ | ૬૨૦ |
| ચણા | ૯૭૦ | ૧૧૮૫ |
| સફેદ ચણા | ૧૦૦૦ | ૧૧૫૦ |
| તુવેર | ૮૫૦ | ૧૩૯૦ |
| કપાસ | ૮૪૦ | ૧૯૪૫ |
| એરંડા | ૧૦૦૦ | ૧૩૪૦ |
| જીરૂ | ૨૦૦૦ | ૩૭૨૫ |
| રાયડો | ૧૧૫૦ | ૧૩૩૫ |
| રાય | ૧૧૧૦ | ૧૫૫૦ |
| ધાણી | ૨૦૦૦ | ૨૯૭૦ |
| અજમા | ૧૫૧૦ | ૨૨૩૦ |
| મેથી | ૧૦૪૦ | ૧૩૨૫ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૫૧૦ |
| કાંગ | ૨૨૦ | ૨૨૦૦ |
| ચણા દેશી | ૧૧૩૫ | ૧૧૩૫ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૨૧૦ | ૨૮૦ |
| રીંગણા | ૧૦૦ | ૯૦૦ |
| ફ્લાવર | ૯૦૦ | ૧૦૦૦ |
| કોબીજ | ૩૨૦ | ૪૧૦ |
| શકકરીયા | ૭૦૦ | ૮૦૦ |
| ટમેટાં | ૬૨૦ | ૮૧૦ |
| સુરણ | ૮૫૦ | ૯૫૦ |
| ગાજર | ૫૫૦ | ૬૦૦ |
| દુધી | ૫૦૦ | ૬૦૦ |
| કારેલા | ૭૦૦ | ૮૦૦ |
| ગલકા | ૫૨૦ | ૫૯૦ |
| કાકડી | ૫૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૯૦૦ | ૧૪૦૦ |
| ચોળા લીલા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| તુરીયા | ૧૪૨૦ | ૧૬૧૦ |
| ભીંડો | ૭૦૦ | ૮૦૦ |
| આદુ | ૨૮૫૦ | ૩૩૦૦ |
| કોથમીર | ૩૪૦૦ | ૪૦૦૦ |
| મેથીભાજી | ૧૫૦૦ | ૧૮૦૦ |
| ફોદીનો | ૭૦૦ | ૮૦૦ |
| ટીંડોરા | ૫૯૦ | ૬૯૦ |
| બીટ | ૩૮૦ | ૪૮૦ |
| સરગવો | ૯૨૦ | ૧૦૬૦ |
| લીમડો મીઠો | ૧૭૦ | ૧૯૦ |
| મરચાં લીલાં | ૬૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી સુકી | ૪૨૦ | ૫૭૦ |
| લસણ સુકું | ૨૦૫૦ | ૨૬૦૦ |
| પાલક | ૧૦૦૦ | ૧૨૦૦ |
| લીંબુ | ૬૫૦ | ૭૫૦ |
| મકાઈ | ૨૦૦ | ૪૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ મોટી | ૧૨૦૦ | ૧૫૦૦ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૫૦૦ |
| તલ કાળા | ૩૧૫૦ | ૩૮૦૦ |
| જીરૂ | ૩૪૦૧ | --- |
| કપાસ | ૧૫૦૦ | ૧૮૦૦ |
| ઘઉં લોક્વન | ૪૫૦ | ૫૦૦ |
| ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૨૦ |
| બાજરો | ૪૨૫ | ૫૦૦ |
| જુવાર | ૫૦૦ | ૧૨૫૧ |
| ચણા | ૧૧૦૦ | ૧૧૫૦ |
| એરડી | ૧૨૦૦ | ૧૩૫૦ |
| મેથી | ૧૨૦૦ | ૧૨૮૦ |
| ધાણા | ૨૨૦૦ | ૨૮૦૦ |
| સોયાબીન | ૧૩૦૦ | ૧૫૬૦ |
| **ધારી** | | |
| ઘઉં લોક્વન | ૪૨૧ | ૪૯૧ |
| ચણા | ૧૧૪૦ | ૧૧૪૧ |
| તુવેર | ૧૨૦૦ | ૧૪૦૦ |
| તલ સફેદ | ૨૨૭૫ | ૨૨૭૫ |
| તલ કાળા | ૩૪૫૦ | ૩૪૫૦ |
| શીંગ દાણા | ૧૫૫૦ | ૧૯૧૦ |
| મેથી | ૯૦૦ | ૯૦૦ |
| બાજરો | ૩૨૫ | ૩૨૫ |
| સોયાબીન | ૧૨૭૦ | ૧૩૫૧ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૬૪૦ | ૧૭૫૦ |
| મગફળી | ૧૨૦૫ | ૧૨૮૦ |
| જીરૂ | ૨૮૫૦ | ૩૬૪૦ |
| ચણા | ૧૧૧૦ | ૧૧૫૫ |
| ઘઉં | ૫૦૫ | ૫૨૫ |
| તલ સફેદ | ૨૨૪૦ | ૨૫૮૦ |
| તલ કાળા | ૩૧૪૦ | ૩૫૪૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૫૦૦ | ૧૮૮૧ |
| ઘઉં | ૪૦૧ | ૫૦૧ |
| જુવાર | ૪૦૦ | ૪૦૦ |
| ચણા | ૮૦૦ | ૧૧૪૬ |
| અડદ | ૧૦૦૧ | ૧૬૩૬ |
| તુવેર | ૭૦૧ | ૧૪૪૬ |
| મગફળી | ૬૦૦ | ૧૧૫૧ |
| શિંગદાણા | ૧૫૦૧ | ૨૧૭૧ |
| શિંગફાડા | ૧૩૦૧ | ૧૭૧૧ |
| એરંડા | ૯૦૧ | ૧૧૦૧ |
| તલ સફેદ | ૧૨૦૧ | ૨૬૨૧ |
| તલ કાળા | ૧૫૦૦ | ૩૦૪૬ |
| મેથી | ૮૦૧ | ૧૩૩૧ |
| ધાણા | ૧૫૦૧ | ૨૯૪૧ |
| સોયાબીન | ૧૦૦૧ | ૧૪૯૧ |
| **મહુવા** | | |
| શીંગ ૩૨ | ૧૩૩૨ | ૧૩૩૨ |
| શીંગ જી-૨૦ | ૯૦૦ | ૧૨૫૮ |
| એરંડા | ૬૦૦ | ૧૩૭૭ |
| જુવાર | ૩૬૨ | ૧૨૯૧ |
| બાજરી | ૪૧૦ | ૫૪૮ |
| ઘઉં ટુકડા | ૩૯૬ | ૫૫૯ |
| અડદ | ૮૩૦ | ૧૮૫૬ |
| મગ | ૧૨૯૦ | ૧૮૦૦ |
| ચણા | ૪૪૦ | ૧૧૪૫ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૬૭૧ |
| તલ કાળા | ૨૪૬૭ | ૩૭૦૦ |
| તુવેર | ૫૦૦ | ૧૩૦૦ |
| ડુંગળી લાલ | ૧૧૦ | ૫૫૫ |
| ડુંગળી સફેદ | ૧૬૬ | ૪૧૪ |
| કપાસ શંકર | ૧૪૩૫ | ૧૬૭૫ |
| નાળીયેર | ૬૮૦ | ૨૬૦૦ |
| શીંગ મગડી | ૧૫૦૧ | ૧૫૪૮ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૦૦૦ | ૧૫૭૪ |
| બાજરી હાઈબ્રીડ | ૪૪૦ | ૫૧૫ |
| ઘઉં | ૪૬૦ | ૫૩૮ |
| તુવેર | ૧૧૫૦ | ૧૪૧૦ |
| જુવાર | ૧૦૦૦ | ૧૨૨૨ |
| અડદ | ૧૯૨૦ | ૨૦૦૯ |
| ચણા | ૯૨૫ | ૧૧૪૧ |
| સોયાબીન | ૧૨૦૦ | ૧૫૨૫ |
| શીંગદાણા | ૧૭૦૦ | ૨૬૦૦ |
| કાળા તલ | ૨૫૦૦ | ૩૮૬૨ |
| સફેદ તલ | ૨૧૦૦ | ૨૬૩૧ |
| એરડી | ૧૧૫૦ | ૧૩૪૪ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૦૦૦ | ૧૧૦૦ |
| તલ સફેદ | ૨૦૮૧ | ૨૭૦૦ |
| કપાસ | ૧૭૫૦ | ૧૮૧૦ |
| બાજરો | ૪૫૧ | ૫૪૨ |
| ઘઉં ટુકડા | ૪૭૨ | ૫૩૪ |
| જુવાર | ૭૦૦ | ૧૨૬૬ |
| મકાઈ | ૪૦૦ | ૪૦૦ |
| મગ | ૧૫૦૦ | ૧૮૦૫ |
| ચણા | ૯૦૧ | ૧૧૦૦ |
| ધાણા | ૨૫૦૦ | ૨૫૦૦ |
| મેથી | ૧૨૦૧ | ૧૨૦૧ |
| સોયાબીન | ૧૩૫૫ | ૧૫૦૦ |
| રાય | ૧૪૦૦ | ૧૬૦૦ |
| શીંગદાણા | ૧૦૫૧ | ૧૫૦૦ |

## શબ્દ સંજોગ-૨૨૩૧



**આડી ચાવી :**
(૧)પ્રવાસે જવા ઉપડવું તે, પ્રયાણ (૩)
(૨) સાસુના જમાઈની પત્ની (૩)
(૩) આશરો, શરણ (૨)
(૪) અમેરીકી ચલણ (૩)
(૫) આગળ જણાવેલું (૪)
(૭) તરંગ, ફોટો (૧)
(૯) બાહ્ય આચારમાં આગ્રહી (આ-અ) (૩)
(૧૦) ધન, પૈસો (૨)
(૧૧) છેડા લગી (૨)
(૧૨) રઘુપતિ..... રાજા રામ પતિત પાવન સીતારામ (૩)
(૧૩) સ્થાન, ઠેકાણું (૨)
(૧૪) વાકેફગારી, જાણ (૩)
(૧૭) કોલસામાંથી મળતો કાળો પદાર્થ (૩)
(૧૯) ભારતનું એક શહેર (૪)
(૨૦)સરોવર (૨)
(૨૨) પ્રસંગ, લાગ (૨)
(૨૩) તાબે, આધિન (૨)
(૨૪) ઘર પછવાડે આંતરેલી ખુલ્લી જગા (૨)
(૨૫) પીડા કરતું જળગણ (૨)

**ઉભી ચાવી :**
(૧) કળી, ફુલ (૩)
(૩) મોટો મુખ્ય ખંડ (૩)
(૬) પંચ, પંચાતિયો (૩)
(૮) એક કવિ સાહિત્યકાર (૩)
(૧૦) ગીલીદંડાની રમતમાં એક દાવ (૨)
(૧૧) સરનામું (૩)
(૧૨) નવ ગ્રહમાનો એમ (૨)
(૧૩) ઠઠારો, ભપકો (૪)
(૧૫) મા અંબાનું વાહન (૪)
(૧૬) ....ને વાંકે પખાલીને ડામ (૨)
(૧૮) વરદાન (૨)
(૨૦) મૃત પતિ સાથે ચિતામાં બળનારી સ્ત્રી (૨)
(૨૧) માનવકુળના ઉત્પાદક (૨)
(૨૨) એક પક્ષી (૨)
(૨૩) પ્રાતઃકાળ, વહાણું (૩)
(૨૫) આ...પકડ ગલા (૨)
(૨૪) સાંચ ને ___નહી (૨)
(૨૫) પુષ્કળ (૨)
(૨૬) ગૂંથેલો ચાબકો, સાટકો (૩)
(૨૭) નમસ્કારનો એક પ્રકાર (૩)

## શબ્દ સંજોગ-૨૨૩૦ જવાબ

**આડી ચાવીઃ** (૧) લોહી (૨) ઘરકામ (૫) વર્ષ (૬) બંડ (૭) શાણપણ (૮) કુખ (૧૦) અપરમા (૧૨) વશ (૧૩) જમીન (૧૫) કદ (૧૭) નવું (૧૮) બનાવ (૧૯) કાલ (૨૦) રતન (૨૩) ટાંચણ (૨૫) તરફેણ (૨૬) કલરવ. **ઉભી ચાવીઃ** (૧) લોકશાહી (૨) ઘર્ષણ (૩) કાપકૂપ (૪) છેડતી (૫) વપરાશ (૯) ખરજવું (૧૦) અગ્નિ (૧૧) મામી (૧૨) વદ (૧૪) નકલ (૧૫) કસરત (૧૬) દાબ (૧૭) નવટાંક (૧૯) કાણર (કારણ) (૨૧) તર (૨૨) નફે (૨૪) ચલ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ઈનરવ્હિલ ક્લબ ઓફ અમરેલી ગીરનો ૮મો 'સપ્તરંગ' શપથગ્રહણ સમારોહ યોજાયો

અમરેલી,તા.૧૩

અમરેલીની એન્જલ હોટલ ખાતે ૧૧ જુલાઈ ૨૦૨૬ ના રોજ ઈનરવ્હિલ ક્લબ ઓફ અમરેલી ગીરના ૮મા શપથગ્રહણ સમારોહ "સપ્તરંગ"નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે સેજલબેન સંઘાણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. વર્ષ ૨૦૨૬-૨૭ ના નવા સત્ર માટે ક્લબના પ્રેસિડેન્ટ તરીકે શીતલ તુષાર જોષી અને સેક્રેટરી તરીકે રાધિકા ગોલની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. આ સાથે ક્લબની અન્ય વહીવટી પાંખમાં વાઈસ પ્રેસિડેન્ટ તરીકે જાનકી અટારા, જોઈન્ટ સેક્રેટરી તરીકે શિવાની પરીખ, ટ્રેઝરર તરીકે બીના ગાંધી, આઈ.એસ.ઓ. તરીકે વૈશાલી જોબનપુત્રા, એડિટર તરીકે નિશા ત્રિવેદી અને ઈ-એડિટર તરીકે સંગીતા જીવાણીએ પોતાના હોદ્દાના શપથ ગ્રહણ કર્યા હતા.આ ગરિમાપૂર્ણ સમારોહમાં ક્લબના સેવાકાર્યોના વ્યાપને વધારવા માટે આ વર્ષથી જોડાયેલા પંદર જેટલા






નવા સભ્યોએ પણ શપથ લીધા હતા. જેમાં ડો. સોનલ ઠાકર, ડો. કૃતિકા શાહ, ડો. કિશોરી ચોટલિયા, અર્ચના પંડ્યા, સુરભિ વામજા, વંદના સોની, આરતી જાની, હિરલ માનિયા, નિશિતા જાની, કાજલ જોષી, રીમા ચૌહાણ, મીનાક્ષી ઠાકર, ભાવના ચોટલિયા, તૃપ્તિ અગ્રાવત અને નિશા ખખ્ખરનો સમાવેશ થાય છે. ઈનરવ્હિલ ક્લબનો મૂળભૂત ધ્યેય મૈત્રી, સેવા અને આંતરરાષ્ટ્રીય સમજણનો છે. આ ઉમદા મૂલ્યોને કેન્દ્રમાં રાખીને આગામી વર્ષ દરમિયાન સમાજ ઉપયોગી અસંખ્ય સેવાકીય પ્રોજેક્ટ્સ હાથ ધરવામાં આવશે. નવી ટીમે મહિલા સશક્તિકરણ, શિક્ષણ, આરોગ્ય, પર્યાવરણ સંરક્ષણ, બાળ કલ્યાણ, સ્વચ્છતા અભિયાન અને જરૂરિયાતમંદોની સહાય જેવા વિવિધ ક્ષેત્રોમાં અર્થપૂર્ણ કાર્યો કરવાનો મક્કમ સંકલ્પ વ્યક્ત કર્યો છે.કાર્યક્રમ દરમિયાન પૂર્વ પ્રેસિડેન્ટ નિધિ મહેતા અને પૂર્વ સેક્રેટરી બીના ત્રિવેદીએ ગત વર્ષ દરમિયાન સંસ્થા દ્વારા કરવામાં આવેલા સફળ પ્રોજેક્ટ્સની વિગતવાર માહિતી રજૂ કરી હતી, જેને ઉપસ્થિત તમામ સભ્યોએ હૃદયપૂર્વક બિરદાવી હતી. આ પ્રસંગે રોટરી ક્લબ ઓફ અમરેલી ગીરના પ્રેસિડેન્ટ રવી પરીખ અને સેક્રેટરી ડો. જીત જોષી તેમજ રોટરેક્ટ ક્લબ ઓફ અમરેલીના પ્રેસિડેન્ટ આશિષ રૂપારેલિયા, સેક્રેટરી નિખિલ સોઢા અને પૂર્વ પ્રેસિડેન્ટ મિતિલ ઠાકર તથા નયના આચાર્ય સહિતના અગ્રણી સભ્યો હાજર રહ્યા હતા. કાર્યક્રમના અંતે પર્યાવરણના જતનના સંદેશ સાથે ડ્રીમ કેચર કન્સલ્ટન્સી દ્વારા તમામ સભ્યોને ઔષધિય છોડનું વિતરણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન નિશા ત્રિવેદીએ કર્યું હતું, તેમ સેક્રેટરી રાધિકા ગોલની યાદીમાં જણાવાયું છે.

# ઉના એસ.ટી.ડેપોનો લાંચિયો કંડકટર એસીબીના હાથે ઝડપાયો

ઉના,તા.૧૩



ઉના એસ.ટી. બસ સ્ટેશનના કંડક્ટર મનીષ મગનભાઈ કાનાબારને રૂ. ૨૦૦૦ની લાંચ લેતા એ.સી.બી.એ ટાવર ચોક નજીકથી રંગેહાથે ઝડપી પાડ્યા છે. જખૌથી ઉના લાવવામાં આવેલા માછલીના પાર્સલના બદલામાં તેમણે આ રકમ માંગી હતી. જાગૃત નાગરિકની ફરિયાદના આધારે ગોઠવાયેલા છટકામાં કંડક્ટર આબાદ ઝડપાઈ ગયા હતા. પ્રાથમિક કાર્યવાહી બાદ એ.સી.બી. વધુ તપાસ માટે આરોપીને વેરાવળ લઈ ગઈ છે.

# SGVP ગુરુકુલમાં ૧ લાખથી વધુ વૃક્ષારોપણ અભિયાનનો ભવ્ય પ્રારંભ

અમરેલી,તા.૧૩

અમદાવાદના છારોડી સ્થિત SGVP (સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યાલય પ્રતિષ્ઠાનમ) કેમ્પસ ખાતે રવિવારે સામૂહિક વૃક્ષારોપણ અભિયાનનો ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો હતો. સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગરના સુવર્ણ જયંતી મહોત્સવના ઉપક્રમે આયોજિત આ અભિયાન અંતર્ગત SGVP ગુરુકુલ દ્વારા એક જ ઝુંબેશમાં ૧ લાખથી વધુ વૃક્ષો વાવવાનો સંકલ્પ લેવામાં આવ્યો છે.વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના "એક પેડ માં કે નામ" અભિયાન અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહના એક કરોડ વૃક્ષારોપણના



મહાસંકલ્પને આગળ વધારવાના ઉદ્દેશ સાથે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાન દ્વારા સમગ્ર ગાંધીનગર લોકસભા વિસ્તારને હરિયાળો બનાવી 'હરિયાળી લોકસભા' તરીકે વિકસાવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. ગુરુવર્ય માધવપ્રિયદાસજી સ્વામી અને સદગુરુ પુરાણી બાલકૃષ્ણદાસજી સ્વામીના માર્ગદર્શન હેઠળ સવારે મંત્રોચ્ચાર સાથે કાર્યક્રમનો પ્રારંભ થયો હતો.

# સુરતમાં નુકસાનગ્રસ્ત વેપારીઓએ જાણવા જોગ પોલીસ ફરિયાદ નોંધાવી

સુરત,તા.૧૩



સુરતમાં તાજેતરમાં પડેલા ભારે વરસાદ અને પૂરની સ્થિતિને કારણે જનજીવન સાથે વેપાર ધંધા પર પણ ગંભીર અસર જોવા મળી છે. વરાછા વિસ્તારમાં આવેલા પોદાર આર્કેડ અને યશ પ્લાઝામાં પૂરના પાણી ઘુસી જતા દુકાનો અને માલસામાનને ભારે નુકસાન થયું હોવાનું સામે આવ્યું છે. વેપારીઓના જણાવ્યા મુજબ કરોડો રૂપિયાનું નુકસાન થયુ છે. સમગ્ર મામલે વેપારીઓએ વરાછા પોલીસ સ્ટેશનમાં જાણવાજોગ ફરિયાદ નોંધાવી છે.

# ઉનામાં ભૂંડની માલિકી મુદ્દે બે જૂથ વચ્ચે હિંસક અથડામણ

ઉના,તા.૧૩

ઉનામાં ઉના-ભાવનગર રોડ પર ભૂંડની માલિકીના વિવાદને લઈને બે શીખ સમુદાયના જૂથો વચ્ચે હિંસક અથડામણ સર્જાતા વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી.

ઘટનામાં લોખંડના પાઈપ સહિતના હથિયારો વડે હુમલો કરવામાં આવતા એક જ પરિવારના ત્રણ



સભ્યો ઈજાગ્રસ્ત બન્યા હતા. ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.પોલીસ ફરિયાદ મુજબ, ઉનાના વેરાવળ રોડ વિસ્તારમાં રહેતા જસબીરસિંહ રાઠોડ પોતાના પરિવારજનો અને સાથીદારો સાથે હરભોળે હોટલ નજીક હાજર હતા. દરમિયાન ભૂંડ લઈ જવાના મુદ્દે ફોન પર થયેલી બોલાચાલી બાદ બંને પક્ષ સામસામે આવી ગયા હતા. વાત ઉગ્ર બનતા મારામારી અને હુમલાની ઘટના બની હતી. સમગ્ર મામલે ઉના પોલીસે છ નામજોગ અને ત્રણ અજાણ્યા સહિત કુલ ૧૦ શખ્સો સામે વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કોડીનારના કરેડા-મિતિયાજ રોડ અધૂરો રહેતા ગ્રામજનો પરેશાન

કોડીનાર, તા.૧૩

કોડીનાર તાલુકાના કરેડા ગામથી મિતિયાજ ગામને જોડતો માર્ગ લાંબા સમયથી અધૂરો પડ્યો હોવાથી સ્થાનિક લોકો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. રોડનું કામ શરૂ થયા બાદ આશરે ૪૦૦ મીટરનો ભાગ હજુ પૂર્ણ કરાયો નથી. વરસાદ પડતા માર્ગ પર કાદવ અને પાણી ભરાઈ જતા અવરજવર મુશ્કેલ



તસવીર : કુલદીપ પાઠક

બની ગઈ છે. આ રસ્તો બંને ગામ વચ્ચેનો મુખ્ય સંપર્ક માર્ગ હોવાથી ખેડૂતો, વિદ્યાર્થીઓ અને વાહનચાલકોને રોજ મુશ્કેલી પડે છે. વિદ્યાર્થીઓ સમયસર શાળા અને કોલેજ પહોંચી શકતા નથી અને કેટલાકને લાંબા રસ્તેથી જવું પડે છે. ગ્રામજનોએ અનેક વખત તંત્રને રજૂઆત કરી હોવા છતા કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. જેના કારણે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગ્રામજનોએ બાકી રહેલુ કામ તાત્કાલિક પૂર્ણ કરવાની માંગ ઉઠાવી છે.


## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૯૨/૨૬ તા.૦૬/૦૭/૨૦૨૬

વિવાદી :- શ્રી તળાવીયા ભીમજીભાઈ ભગવાનભાઈ
રહે.૮૯-સીતાનગર સોસાયટી, પુણાગામ, ચોર્યાસી,
બોમ્બે માર્કેટ, સુરત-૩૯૫૦૧૦ મો.નં. ૯૪૨૮૭ ૯૬૦૯૯
અરજદારશ્રીના વિ.વ.હિરલ એન. ડેર એડવોકેટ
લાઠી, મો. ૭૪૩૬૦ ૦૧૬૧૨

- //વિરૂધ્ધ//-

પ્રતિવિવાદી :- જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - તલાટી કમ મંત્રીશ્રી
મુ.આંબરડી, તા.લાઠી, જિ.અમરેલી

-// નોટીસ //-
(મરણનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.આંબરડી ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પિતા ભગવાનભાઈ બેચરભાઈ તળાવીયા નું મરણ તા.૧૦/૦૯/૧૯૮૨ ના રોજ મુ.આંબરડી, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના મરણની નોંધ કરાવેલ ન હોય/મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી મરણની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૧૮/૦૬/૨૦૨૬થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૬/૦૮/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો
સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૮૮/૨૬ તા.૦૬/૦૭/૨૦૨૬

વિવાદી :- શ્રી તળાવીયા પુનાભાઈ જવેરભાઈ
રહે.મુ.આંબરડી, તા.લાઠી, જિ.અમરેલી
મો.નં. ૯૪૨૮૭ ૯૬૦૯૯
અરજદારશ્રીના વિ.વ.હિરલ એન. ડેર એડવોકેટ
લાઠી, મો. ૭૪૩૬૦ ૦૧૬૧૨

- //વિરૂધ્ધ//-

પ્રતિવિવાદી :- જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - તલાટી કમ મંત્રીશ્રી
મુ.આંબરડી, તા.લાઠી, જિ.અમરેલી

-// નોટીસ //-
(મરણનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.આંબરડી ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પિતા જવેરભાઈ કડવાભાઈ તળાવીયા નું મરણ તા.૦૩/૦૬/૧૯૯૬ ના રોજ મુ.આંબરડી, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના મરણની નોંધ કરાવેલ ન હોય/મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી મરણની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૧૬/૦૬/૨૦૨૬થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૬/૦૮/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો
સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૯૦/૨૬ તા.૦૬/૦૭/૨૦૨૬

વિવાદી :- શ્રી તળાવીયા લીલીબેન જાદવભાઈ વા/ઓ કથિરીયા લાખાભાઈ
રહે. દુધાળા, તા.લાઠી, જી.અમરેલી
મો.નં. ૯૯૧૩૦ ૩૮૨૩૫
અરજદારશ્રીના વિ.વ.હિરલ એન. ડેર એડવોકેટ
લાઠી, મો. ૭૪૩૬૦ ૦૧૬૧૨

- //વિરૂધ્ધ//-

પ્રતિવિવાદી :- જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - તલાટી કમ મંત્રીશ્રી
મુ.આંબરડી, તા.લાઠી, જિ.અમરેલી

-// નોટીસ //-
(મરણનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.આંબરડી ગામના રહિશ આ કામના અરજદારશ્રીના માતા દિવાળીબેન જાદવભાઈ તળાવીયા નું મરણ તા.૦૫/૦૨/૧૯૮૦ ના રોજ મુ.આંબરડી, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના મરણની નોંધ કરાવેલ ન હોય/મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી મરણની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૧૭/૦૬/૨૦૨૬થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૬/૦૮/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો
સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૮૪/૨૬ તા.૦૬/૦૭/૨૦૨૬

વિવાદી :- શ્રી ભુત મહેશભાઈ ગોપાલભાઈ
રહે.મુ.આંસોદર, હાલ બી-૨૦૪, શુકન રેસીડેન્સી,
ખડસદ, કામરેજ-સુરત. મો.નં. ૮૯૮૦૩ ૫૩૬૨૮
અરજદારશ્રીના વિ.વ.હિરલ એન. ડેર એડવોકેટ
લાઠી, મો. ૭૪૩૬૦ ૦૧૬૧૨

- //વિરૂધ્ધ//-

પ્રતિવિવાદી :- જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - તલાટી કમ મંત્રીશ્રી
મુ.આંસોદર, તા.લાઠી, જિ.અમરેલી

-// નોટીસ //-
(મરણનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.આસોદર ગામના રહિશ આ કામના અરજદારશ્રીના દાદી પુરીબેન રામભાઈ ભુત નું મરણ તા.૨૭/૦૮/૧૯૮૯ ના રોજ મુ.આંસોદર, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના મરણની નોંધ કરાવેલ ન હોય/મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી મરણની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૦૬/૦૬/૨૦૨૬થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૬/૦૮/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો
સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

## જાહેર નોટીસ

## -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ઉના //-

અરજી નં.૧૮૮/૨૦૨૬
જન્મ તારીખ : ૦૧/૦૬/૧૯૭૬

શ્રી રફીક ઈસ્માઈલ મન્સૂરી,
રહે.કોર્ટ વિસ્તાર, ઉના, ગામ-ઉના, તાલુકો-ઉના,
જિલ્લો-ગીર સોમનાથ
............અરજદાર

-: વિરૂધ્ધ :-

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને ચીફ ઓફિસરશ્રી, ઉના,
નગરપાલીકા, ઉના, તા.ઉના, જિલ્લો ગીરસોમનાથ ...........સામાવાળા

બાબત :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી રફીક ઈસ્માઈલ મન્સૂરી રહે. કોર્ટ વિસ્તાર, ઉના, તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ તેમના ભત્રીજી નુરબાનુ અબ્દેરેમાન મનસૂરીનો જન્મ તારીખ ૦૧/૦૬/૧૯૭૬ ના રોજ ઉના તાલુકાના ઉના મુકામે થયેલ છે. જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર પુરાવા સાથે જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૦૧/૦૬/૨૦૨૬ના રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો
હુકમથી
સહી
(ડી.કે.ભીમાણી)
એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ,
ઉના

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૮૫/૨૬ તા.૦૬/૦૭/૨૦૨૬

વિવાદી :- શ્રી ભુત જીરાજભાઈ હરીભાઈ
રહે.મુ.આંસોદર, હાલ ૯૯ સહજાનંદ સોસાયટી, આરોગ્ય કેન્દ્ર પાસે,
કતારગામ, સુરત-૩૯૫૦૦૪ મો.નં. ૮૯૮૦૩ ૫૩૬૮૮
અરજદારશ્રીના વિ.વ.હિરલ એન. ડેર એડવોકેટ
લાઠી, મો. ૭૪૩૬૦ ૦૧૬૧૨

- //વિરૂધ્ધ//-

પ્રતિવિવાદી :- જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - તલાટી કમ મંત્રીશ્રી
મુ.આંસોદર, તા.લાઠી, જિ.અમરેલી

-// નોટીસ //-
(મરણનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.આંસોદર ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પિતા હરીભાઈ વશરામભાઈ ભુત નું મરણ તા.૦૫/૦૩/૧૯૮૪ ના રોજ મુ.આંસોદર, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના મરણની નોંધ કરાવેલ ન હોય/મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી મરણની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૦૬/૦૬/૨૦૨૬થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૬/૦૮/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો
સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૮૯/૨૬ તા.૦૬/૦૭/૨૦૨૬

વિવાદી :- શ્રી તળાવીયા અરવિંદભાઈ નરસિંહભાઈ
રહે.મુ.આંબરડી, તા.લાઠી, જિ.અમરેલી
મો.નં. ૯૯૧૩૨ ૩૭૦૫૬
અરજદારશ્રીના વિ.વ.હિરલ એન. ડેર એડવોકેટ
લાઠી, મો. ૭૪૩૬૦ ૦૧૬૧૨

- //વિરૂધ્ધ//-

પ્રતિવિવાદી :- જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - તલાટી કમ મંત્રીશ્રી
મુ.આંબરડી, તા.લાઠી, જિ.અમરેલી

-// નોટીસ //-
(મરણનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.આંબરડી ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પિતા તળાવીયા નરસિંહભાઈ ઝવેરભાઈ નું મરણ તા.૦૪/૦૮/૧૯૬૭ ના રોજ મુ.આંબરડી, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના મરણની નોંધ કરાવેલ ન હોય/મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી મરણની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૧૬/૦૬/૨૦૨૬થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૬/૦૮/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો
સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૯૩/૨૬ તા.૦૬/૦૭/૨૦૨૬

વિવાદી :- શ્રી દેવકુંવરબેન પોપટભાઈ તળાવીયા વા/ઓ મનસુખભાઈ રાદડીયા
રહે.બી-૫૦, અંબીકા નગર સોસાયટી, આરોગ્ય કેન્દ્ર પાછળ,
કતારગામ, સુરત-૩૯૫૦૦૪
અરજદારશ્રીના વિ.વ.હિરલ એન. ડેર એડવોકેટ
લાઠી, મો. ૭૪૩૬૦ ૦૧૬૧૨

- //વિરૂધ્ધ//-

પ્રતિવિવાદી :- જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - તલાટી કમ મંત્રીશ્રી
મુ.આંબરડી, તા.લાઠી, જિ.અમરેલી


-// નોટીસ //-
(મરણનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.આંબરડી ગામના રહિશ આ કામના અરજદારશ્રીના માતા લાડુબેન પોપટભાઈ તળાવીયા નું મરણ તા.૧૦/૦૩/૧૯૬૫ ના રોજ મુ.આંબરડી, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના મરણની નોંધ કરાવેલ ન હોય/મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી મરણની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૧૮/૦૬/૨૦૨૬થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૬/૦૮/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો
સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

# રાજસ્થાનના ડુંગરપુરમાં નદીમાં ન્હાવા ગયેલા ચાર લોકોના ડૂબી જવાથી થયા મોત

જયપુર, તા. ૧૩



રાજસ્થાનના ડુંગરપુર જિલ્લાના ધંભોલા પોલીસ મથક વિસ્તાર હેઠળ આવેલા લીખી બાડી ગામ નજીક નદીમાં નહાવા ગયેલા છ લોકો પૈકી ચારના ડૂબી જવાથી મોત થયા છે, જ્યારે બે બાળકોને સમયસર બચાવી લેવામાં આવ્યા હતા. આ દુર્ઘટનાથી સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. માહિતી મુજબ, ગામના બાળકો અને કેટલાક મહેમાનો રવિવારે સવારે અનિકટ વિસ્તારમાં નહાવા ગયા હતા. નહાતી વખતે તેઓ અચાનક ઊંડા પાણીમાં ફસાઈ જતા ડૂબવા લાગ્યા. ગ્રામજનોએ તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરી હતી, જેમાં બે બાળકોને સુરક્ષિત બહાર કાઢવામાં સફળતા મળી હતી.

આ અકસ્માતમાં ૧૫ વર્ષની ઈશિતા, ૨૦ વર્ષીય પ્રતીક, ૨૪ વર્ષની હિના ડામોર અને પાલનપુરના ૨૦ વર્ષીય રોનક પરમારનું મોત થયું છે. જ્યારે પાલનપુરના રાજવીર (૧૫) અને મહેસાણાના જયસિંહ (૧૧)ને બચાવી લેવામાં આવ્યા હતા.

ઘટનાની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. ચારેય મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે સીમલવાડા સીએચસીના શબઘરમાં ખસેડવામાં આવ્યા છે. પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

# બેંગકોકના પબમાં ભીષણ આગ લાગતા ૨૭ લોકો જીવતા ભૂંજાયા, ૬૩ ઘાયલ

બેંગકોક, તા.૧૩



થાઈલેન્ડની રાજધાની બેંગકોકમાં આવેલા એક પબમાં વહેલી સવારે ભીષણ આગ લાગતાં ઓછામાં ઓછા ૨૭ લોકોના મોત થયા છે, જ્યારે ૬૩ લોકો ઘાયલ થયા હોવાનું સત્તાવાર રીતે જણાવાયું છે. ઘટનાએ સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી ફેલાવી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, મધરાતની આસપાસ આગ લાગ્યાની જાણ થતાં ફાયર બ્રિગેડની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. આગ એટલી વિકરાળ હતી કે પબના મુખ્ય પ્રવેશદ્વારમાંથી જ્વાળાઓ અને કાળા ધુમાડાના ગોટેગોટા નીકળતા જોવા મળ્યા હતા. બચાવ કામગીરી દરમિયાન અનેક લોકોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા. થાઈલેન્ડના વડા પ્રધાને ઘટનાસ્થળની મુલાકાત લઈને જણાવ્યું કે ૨૭ લોકોના મોત થયા છે અને અનેક ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ફાયર ફાઈટર્સે લગભગ અડધા કલાકની જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો.આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી સામે આવ્યું નથી. પોલીસે અને ફોરેન્સિક ટીમોએ તપાસ શરૂ કરી છે. ઘટનાના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે, જેમાં લોકો જીવ બચાવવા માટે દોડધામ કરતા જોવા મળે છે.

# ગૌહત્યા પ્રતિબંધ મામલે મદ્રાસ હાઈકોર્ટના આદેશ પર સુપ્રીમ કોર્ટનો સ્ટે

નવી દિલ્હી, તા.૧૩

સુપ્રીમ કોર્ટે તમિલનાડુમાં ગાય અને વાછરડાની કતલ પર રાજ્યવ્યાપી પ્રતિબંધ મૂકતા મદ્રાસ હાઈકોર્ટના આદેશ પર વચગાળાનો સ્ટે મૂક્યો છે. ન્યાયમૂર્તિ વિક્રમ નાથ અને સંદીપ મહેતાની બેન્ચે તમિલનાડુ સરકારની સ્પેશિયલ લીવ પિટિશન પર નોટિસ જારી કરતાં આ નિર્ણય આપ્યો હતો.

રાજ્ય સરકારે દલીલ કરી હતી કે હાઈકોર્ટનો આદેશ તમિલનાડુ પશુ સંરક્ષણ અધિનિયમ, ૧૯૫૮ સહિતના અમલમાં રહેલા કાયદાઓની વિરુધ્ધ છે. સરકારના જણાવ્યા મુજબ, કાયદા હેઠળ નિર્ધારિત શરતો અનુસાર કેટલીક શ્રેણીની ગાયોની કતલની મંજૂરી છે.

સુપ્રીમ કોર્ટે પ્રાથમિક દૃષ્ટિએ હાઈકોર્ટના આદેશમાં સુધારાની જરૂરિયાત હોવાનું નોંધ્યું છે. હવે મામલાની આગામી સુનાવણી દરમિયાન બંને પક્ષોની દલીલો પર વધુ વિચારણા કરવામાં આવશે.

# ઈરાન-અમેરિકા તણાવ વચ્ચે ક્રૂડ ઓઈલ મોંઘું, પેટ્રોલ-ડીઝલના ભાવ ભડકે બળશે

નવી દિલ્હી, તા.૧૩




અમેરિકા અને ઈરાન વચ્ચે વધતા તણાવની અસર વૈશ્વિક ક્રૂડ ઓઈલ બજાર પર જોવા મળી રહી છે. તાજેતરના લશ્કરી હુમલાઓ અને પ્રતિહુમલાઓ બાદ આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલના ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે, જેના કારણે ભારતમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ વધવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. તેલ માર્કેટિંગ કંપનીઓએ હાલ ઈંધણના ભાવમાં કોઈ ફેરફાર કર્યો નથી. જોકે, વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ અને વિદેશી ચલણના દરમાં થતા ફેરફારોને આધારે ભાવ નક્કી કરવામાં આવતા હોવાથી આગામી દિવસોમાં વધારો થઈ શકે છે. માહિતી મુજબ, હોર્મુઝ જળમાર્ગ વિસ્તારમાં વધેલા તણાવને કારણે વૈશ્વિક ઊર્જા પુરવઠા અંગે ચિંતા વધી છે. વિશ્વના મોટા પ્રમાણમાં ક્રૂડ ઓઈલની હેરફેર આ માર્ગેથી થાય છે. તેના પરિણામે આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલના ભાવમાં ૩ ટકાથી વધુનો ઉછાળો નોંધાયો છે. નિષ્ણાતોના મતે, જો ક્રૂડ ઓઈલના ભાવ ઊંચા સ્તરે જળવાઈ રહેશે તો ઈંધણના ભાવ પર તેની સીધી અસર જોવા મળી શકે છે.

# અંટાળીયા ગામ નજીક સિંહ દર્શન મામલે બે આરોપી જેલ હવાલે

અમરેલી, તા.૧૩

અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના અંટાળીયા ગામ નજીક સિંહ દર્શન કરાવવાના મામલે ઝડપાયેલા બે આરોપીઓના રિમાન્ડ પૂર્ણ થતા તેમને લીલીયા કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. કોર્ટ સમક્ષ રજૂઆત બાદ આરોપીઓ દ્વારા જામીન માટે અરજી કરવામાં આવી હતી, પરંતુ કોર્ટે જામીન અરજી નામંજૂર કરતા બંને આરોપીઓને જેલ હવાલે કરવાનો આદેશ કર્યો હતો. પ્રાપ્ત માહિતી મુજબ, લીલીયા વનવિભાગ દ્વારા સિંહોને નજીકથી દર્શન કરાવવાના અને વન્યજીવ સંરક્ષણ કાયદાના ભંગ સંબંધિત ગુનામાં બંને આરોપીઓ સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન જરૂરી પૂછપરછ માટે આરોપીઓના રિમાન્ડ મેળવવામાં આવ્યા હતા. રિમાન્ડ અવધિ પૂર્ણ થતાં બંને આરોપીઓને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. કોર્ટ દ્વારા જામીન નકારવામાં આવતા આરોપીઓને જેલ હવાલે કર્યા હતા.

# નરસિંહ મહેતા યુનિવર્સિટીના નામે ચાલતા નકલી પત્રોથી ફેક ઈન્ટરવ્યુ અને એડમિશન કૌભાંડ સામે આવ્યુ

**વિદ્યાર્થીઓને નકલી પત્રો મળે તો યુનિવર્સિટીને જાણ કરવા અનુરોધ કરાયો**


ભેંસાણ,તા.૧૩




હાલમાં સોશિયલ મીડિયા પર ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢના નામે એક ગંભીર છેતરપિંડી સામે આવી છે. કેટલાક લેભાગુ તત્વો યુનિવર્સિટીના નકલી લેટરપેડ, ખોટા સરનામા અને અધિકારીઓની બોગસ સહીઓનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓને ગેરમાર્ગે દોરી રહ્યા છે. આ ઈસમો વિવિધ માધ્યમો દ્વારા વિદ્યાર્થીઓને વિદ્યાભવનો કે સંલગ્ન કોલેજોમાં એડમિશન અથવા નોકરીના ઈન્ટરવ્યુ માટેના ખોટા અને છેતરામણા સંદેશા મોકલી રહ્યા હોવાનું યુનિવર્સિટીના ધ્યાને આવ્યું છે. જો કોઈ પણ વિદ્યાર્થી અથવા નાગરિકને આવો કોઈ શંકાસ્પદ પત્ર કે ઈન્ટરવ્યુ કોલ મળે, તો તેમણે તરત જ યુનિવર્સિટીના સત્તાવાર ફોન નંબર ૦૨૮૫-૨૬૮૧૪૦૦ અથવા સત્તાવાર ઈમેઈલ info@bknmu.edu.in પર સંપર્ક કરીને તેની ખરાઈ કરી લેવી જોઈએ જેથી કોઈ મોટી છેતરપિંડીનો ભોગ ન બનવું પડે.

# જયપુરમાં ૧૦ટકા અનામતની માંગને લઈને વિરોધીઓ અને પોલીસ વચ્ચે અથડામણ

જયપુર, તા.૧૩




રાજસ્થાનની રાજધાની જયપુરમાં વિચરતી અને અર્ધ-વિચરતી સમુદાયો માટે ૧૦ ટકા અનામતની માંગને લઈને યોજાયેલી મહાપંચાયત બાદ તણાવપૂર્ણ સ્થિતિ સર્જાઈ હતી. વિદ્યાધર નગર સ્ટેડિયમ ખાતે કાર્યક્રમ પૂર્ણ થયા બાદ મોટી સંખ્યામાં પ્રદર્શનકારીઓ મુખ્યમંત્રીના નિવાસસ્થાન તરફ કૂચ કરવા નીકળ્યા હતા. પોલીસે મુખ્યમંત્રી નિવાસ તરફ જતા માર્ગો પર બેરિકેડ ગોઠવી વિરોધીઓને રોકવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, કેટલાક પ્રદર્શનકારીઓ આગળ વધવાનો આગ્રહ રાખતા પોલીસ સાથે ઘર્ષણ થયું હતું. દરમિયાન ભીડના કેટલાક લોકોએ પોલીસ પર પથ્થરમારો કર્યો હતો, જેના કારણે સ્થિતિ વધુ ઉગ્ર બની હતી.

પરિસ્થિતિ કાબૂમાં લેવા માટે પોલીસે પ્રથમ ચેતવણી આપી હતી, પરંતુ તણાવ વધતા લાઠીચાર્જ કર્યો અને ટીયર ગેસના શેલ છોડ્યા હતા. ત્યારબાદ પ્રદર્શનકારીઓ વિખેરાઈ ગયા હતા. ઘટનાને પગલે ડીસીપી કરણ શર્મા સહિતના વરિષ્ઠ અધિકારીઓ સ્થળ પર પહોંચ્યા હતા.

# નાનકડા બાળક વિઆન વિસાણીએ વૈશ્વિક સ્તરે ગુજરાતનું નામ રોશન કર્યું

અમરેલી,તા.૧૩



અમરેલી જિલ્લાના લીલિયા મોટાના વતની અને હાલ સુરતમાં રહેતા માત્ર ૩ વર્ષ અને ૩ મહિનાના બાળ પ્રતિભા વિઆન અમિત વિસાણીએ પોતાની તીવ્ર યાદશક્તિથી સૌને આશ્ચર્યચકિત કર્યા છે. વિઆને માત્ર ૩ મિનિટમાં ૧૨૫ દેશોના રાષ્ટ્રધ્વજ ઓળખી બતાવવાનો અનોખો કીર્તિમાન સ્થાપ્યો છે. આ ઉપરાંત તે રંગો, આકારો, વાહનો, ફળો અને સ્વાતંત્ર્ય સેનાનીઓ જેવા અનેક ફ્લેશકાર્ડ્સ ખૂબ જ ઝડપથી ઓળખી શકે છે. તેની આ અસાધારણ ક્ષમતાને કારણે તેને 'ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સ' દ્વારા 'IBR અચીવર' તેમજ 'ઈન્ટરનેશનલ બુક ઓફ રેકોર્ડ્સ' તરફથી 'સુપર ટેલેન્ટેડ કિડ્સ એવોર્ડ' એનાયત કરાયા છે. આ નાનકડો બાળક હવે ૫ મિનિટમાં સૌથી વધુ ફ્લેશકાર્ડ્સ ઓળખવાનો નવો રેકોર્ડ બનાવવા માટે સખત મહેનત કરી રહ્યો છે, જે સમગ્ર ગુજરાત માટે ગૌરવની બાબત છે.

# જૂનાગઢમાં સક્કરબાગ ઝૂમાં વાઘની પજવણીનો વીડિયો વાયરલ

જૂનાગઢ, તા.૧૩

જૂનાગઢના સક્કરબાગ ઝૂમાંથી એક ચોંકાવનારો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. વીડિયોમાં કેટલાક પ્રવાસીઓ પાંજરામાં રહેલા વાઘની પજવણી કરતા જોવા મળે છે. પ્રવાસીઓ વાઘના મોઢા તરફ ગમછો ફેંકતા વાઘ તેને ખેંચી લે છે, ત્યારબાદ અન્ય એક વાઘ પણ તે કપડાને ચાવવા લાગે છે. સમગ્ર ઘટનાનો વીડિયો બનાવી કેટલાક લોકો મોજમસ્તી કરતા દેખાય છે. એટલું જ નહીં, એક વ્યક્તિ "પૈસા વસુલ થઈ ગયા" એવું બોલતો પણ સંભળાય છે. આ ઘટનાએ પ્રાણીપ્રેમીઓમાં ભારે રોષ ફેલાવ્યો છે. ઝૂમાં હિંસક પ્રાણીઓની આ પ્રકારની પજવણી કેવી રીતે શક્ય બની તે અંગે પણ સવાલો ઉભા થયા છે. વાયરલ વીડિયો બાદ ઝૂની સુરક્ષા અને દેખરેખ વ્યવસ્થા ચર્ચાનો વિષય બની છે.

# મહારાષ્ટ્રમાં લાડકી બહેન યોજનાના ખોટા લાભાર્થીઓની સંખ્યા ૯૨ લાખે પહોંચી

મુંબઈ, તા.૧૩



મહારાષ્ટ્ર સરકારની મુખ્યમંત્રી માઝી લાડકી બહેન યોજનામાં અયોગ્ય જાહેર થયેલી મહિલાઓની સંખ્યા વધીને ૯૨ લાખ પહોંચી છે. એક મહિનામાં જ આશરે ૧૨ લાખ લાભાર્થીઓને યાદીમાંથી દૂર કરવામાં આવ્યા છે. ઈ-કેવાયસી પૂર્ણ ન કરનાર મહિલાઓની સંખ્યા સૌથી વધુ હોવાનું સામે આવ્યું છે. બીજી તરફ, સીએજીએ યોજનાના વધતા ખર્ચ અંગે ચિંતા વ્યક્ત કરી છે અને હજારો કરોડ રૂપિયાના ખર્ચ માટે પૂરતા આધારના અભાવનો ઉલ્લેખ કર્યો છે.

# જૂનમાં છૂટક ફુગાવો વધીને ૪.૩૮ ટકા, ખાદ્ય ચીજવસ્તુઓના ભાવમાં વધારો મુખ્ય કારણ

નવી દિલ્હી, તા.૧૩



જૂન મહિનામાં દેશનો છૂટક ફુગાવો વધીને ૪.૩૮ ટકા નોંધાયો છે, જે મે મહિનામાં ૩.૯૩ ટકા હતો. સોમવારે જાહેર કરાયેલા સરકારી આંકડા મુજબ ખાદ્ય ચીજવસ્તુઓના વધતા ભાવને કારણે મોંઘવારીમાં વધારો થયો છે. ગ્રાહક ભાવ સૂચકાંક (સીપીઆઈ) આધારિત ખાદ્ય ફુગાવો જૂનમાં ૫.૩૨ ટકા રહ્યો હતો, જ્યારે મે મહિનામાં તે ૪.૭૮ ટકા હતો. ખાદ્ય પદાર્થોના ભાવમાં સતત વધારો થવાથી સામાન્ય ગ્રાહકોના ઘરખર્ચ પર સીધી અસર પડી રહી છે.

ભારતીય રિઝર્વ બેંક માટે સરકાર દ્વારા ૪ ટકા ફુગાવાનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું છે, જેમાં ૨ ટકાનો વધઘટનો અવકાશ છે. જૂનનો ફુગાવાનો દર આ મર્યાદામાં હોવા છતાં લક્ષ્યથી ઉપર રહ્યો છે.

નિષ્ણાતોના મતે, કઠોળ, શાકભાજી અને અન્ય આવશ્યક ચીજવસ્તુઓના વધતા ભાવ સામાન્ય લોકોના બજેટ પર વધારાનો બોજ ઉભો કરી શકે છે.

કઠોળ, શાકભાજી અને અન્ય આવશ્યક ખાદ્ય ચીજવસ્તુઓ વધુ મોંઘી થઈ શકે છે. આનાથી દૈનિક ખર્ચમાં વધારો થશે. ગ્રાહકોએ તેમની ખરીદીની આદતોમાં ફેરફાર કરવો પડી શકે છે.

# નાગાલેન્ડમાં આસામ રાઈફલ્સના વાહન પર IED હુમલો થતા એક જવાન શહીદ

**સુખોવી નજીક વિસ્ફોટ બાદ સુરક્ષા દળોનું સર્ચ ઓપરેશન તેજ**

સુખોવી,તા.૧૩



નાગાલેન્ડના ચુમૌકેદિમા વિસ્તારમાં સુખોવી નજીક આસામ રાઈફલ્સના એક વાહનને નિશાન બનાવી શંકાસ્પદ IED બ્લાસ્ટ કરવામાં આવ્યો હતો. આ હુમલામાં એક જવાન શહીદ થયા હોવાનું સામે આવ્યું છે, જ્યારે અન્ય ચાર જવાનો ઘાયલ થયા છે. ઘટનાના પગલે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી. મળતી માહિતી મુજબ વિસ્ફોટ આસામ રાઈફલ્સના વાહન પસાર થઈ રહ્યું હતું ત્યારે થયો હતો. ઘાયલ જવાનોને તાત્કાલિક નજીકની સૈન્ય હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. હુમલાની જાણ થતા જ સુરક્ષા દળોએ સમગ્ર વિસ્તારને ઘેરી લીધો હતો અને મોટા પાયે સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. આ હુમલા પાછળ કયા ઉગ્રવાદી સંગઠનનો હાથ છે તે અંગે હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી.

# રાજ્યમાં અનેક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા:હવામાન વિભાગ

**મોન્સૂન ટ્રફ અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય હોવાથી વરસાદ માટે અનુકૂળ સ્થિતિ, તાપમાનમાં પણ વધારો નોંધાયો**



અમદાવાદ, તા. ૧૩

રાજ્યમાં આગામી દિવસોમાં વરસાદી માહોલ યથાવત્ રહેવાની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

વિભાગની આગાહી અનુસાર રાજ્યના વિવિધ વિસ્તારોમાં છૂટાછવાયા હળવાથી મધ્યમ વરસાદ વરસી શકે છે તેમજ અનેક સ્થળોએ વાદળછાયું વાતાવરણ રહેવાની સંભાવના છે. હવામાન વિભાગના ડાયરેક્ટર એ. કે. દાસના જણાવ્યા મુજબ હાલ મોન્સૂન ટ્રફ સિસ્ટમ અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ બંને સક્રિય હોવાથી વરસાદ માટે અનુકૂળ પરિસ્થિતિ સર્જાઈ છે. દક્ષિણ-પશ્ચિમ દિશાના પવનો પણ સક્રિય હોવાથી રાજ્યના અનેક વિસ્તારોમાં વરસાદી વાતાવરણ જળવાઈ રહેવાની શક્યતા છે. બીજી તરફ વરસાદની ગેરહાજરીને કારણે કેટલાક વિસ્તારોમાં ગરમીનો અનુભવ પણ વધી રહ્યો છે. રાજ્યમાં તાપમાનનો પારો ૩૭ ડિગ્રીને પાર પહોંચ્યો છે. ૧૨ જુલાઈના રોજ ૩૭.૩ ડિગ્રી સેલ્સિયસ સાથે સુરેન્દ્રનગર રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું, જ્યારે અમદાવાદ ૩૭ ડિગ્રી તાપમાન સાથે બીજા ક્રમે રહ્યું હતું.

# અયોધ્યા બાદ હવે અંબાજી મંદિરમાં દાનચોરીનો મામલો સામે આવતા ભાવિકોમાં ભારે રોષ

અંબાજી,તા.૧૩

અયોધ્યાના રામ મંદિરની દાનચોરીના મુદ્દા વચ્ચે ગુજરાતના પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી મંદિરમાં થયેલી દાનચોરીની ઘટના ફરી ચર્ચામાં આવી છે. મંદિરની દાનપેટીમાંથી રકમની ચોરી થયાની ઘટનાએ શ્રધ્ધાળુઓમાં ભારે રોષ ફેલાવ્યો છે. યાત્રાધામોની સુરક્ષા વ્યવસ્થાને



લઈને પણ અનેક સવાલો ઉભા થયા છે.

મળતી માહિતી મુજબ, એપ્રિલ મહિનામાં સામે આવેલા આ કેસમાં સીસીટીવી ફૂટેજના આધારે મુખ્ય આરોપી ચિરાગ ઠાકોરની સંડોવણી બહાર આવી હતી. ફૂટેજમાં તે દાનપેટીની નોટોના બંડલ છુપાવી ચોરી કરતો જોવા મળ્યો હતો. તપાસ દરમિયાન ૭ મેના રોજ તે રૂ. ૧.૦૪ લાખની કિંમતનું નોટોનું બંડલ ખિસ્સામાં સંતાડી બાથરૂમ જવાના બહાને બહાર લઈ જતો હોવાનું પણ સામે આવ્યું હતું. આ મામલે બનાસકાંઠાના અધિક કલેક્ટરની ફરિયાદના આધારે અંબાજી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. પોલીસે કાર્યવાહી કરીને ત્રણ આરોપીઓની ધરપકડ કરી હતી. જોકે બાદમાં તમામ આરોપીઓ કોર્ટમાંથી જામીન મેળવી મુક્ત થયા હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાને લઈને કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી રહી છે.

# જુનાગઢમાં પાણીની કુંડીમાં ડૂબી જવાથી ૩ વર્ષના માસૂમનું મોત

જુનાગઢ,તા.૧૩

જુનાગઢના ભેંસાણ તાલુકાના બામણગઢ વાડી વિસ્તારમાં મધ્યપ્રદેશના શ્રમિક પરિવારનો ૩ વર્ષનો બાળક રમતા-રમતા પાણીની કુંડીમાં પડી ગયો હતો. પરિવારજનોએ શોધખોળ કરીને તેને બહાર કાઢ્યો, પરંતુ સારવાર મળે તે પહેલાં જ તેનું મોત નીપજ્યું હતું. આ હૃદયદ્રાવક ઘટના વાલીઓ માટે ખુલ્લાં જોખમી



સ્થળો પ્રત્યે સતત દેખરેખ રાખવાની મોટી ચેતવણી આપે છે. પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે.

# અમદાવાદ શહેરમાં ભગવાન જગન્નાથજીની ૧૪૯મી રથયાત્રાની તડામાર તૈયારીઓ

અમદાવાદ,તા.૧૩

અમદાવાદના જમાલપુરમાં આગામી ૧૬ જુલાઈએ ભગવાન જગન્નાથની ૧૪૯મી રથયાત્રા યોજાશે. રથયાત્રા પૂર્વે ૧૪ જુલાઈએ નેત્રોત્સવ વિધિ અને ગર્ભગૃહમાં પ્રતિષ્ઠા થશે, જ્યારે ૧૫ જુલાઈએ ભક્તો ભગવાનના સોનાવેશ દર્શનનો લાભ લઈ શકશે. આ જ દિવસે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર



પટેલ અને અન્ય મહાનુભાવો દ્વારા આરતી કરવામાં આવશે. ૧૬મીએ વહેલી સવારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ મંગળા આરતી કરશે અને મુખ્યમંત્રી પહિંદવિધિ કરાવી રથયાત્રાનો પ્રારંભ કરાવશે.

આ વર્ષે યાત્રામાં ૧૮ ગજરાજ, ૩૦ અખાડા અને ૨૫ હજાર સાધુ-સંતો જોડાશે. પ્રસાદમાં ૪૫,૦૦૦ કિલો મગ અને વિવિધ ફળો વહેંચાશે. સુરક્ષા માટે અમદાવાદ પોલીસ કમિશનરની આગેવાનીમાં રૂટ રિહર્સલ યોજાયું હતું, જેમાં પેરામિલિટરી ફોર્સ અને RAF સહિત ૩,૦૦૦થી વધુ જવાનો તૈનાત રહેશે.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની બેદરકારીથી ૩ હજાર વિદ્યાર્થીઓનું ભવિષ્ય અટવાયું

રાજકોટ,તા.૧૩

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પરીક્ષા વિભાગની ગંભીર બેદરકારી સામે આવી છે. વર્ષ ૨૦૨૫માં એક્સ્ટર્નલ કોર્સ હેઠળ B.A. અને M.A.માં નોંધાયેલા અંદાજે ૩,૦૦૦ વિદ્યાર્થીઓની પ્રથમ સેમેસ્ટરની પરીક્ષા એક વર્ષ વીતી જવા છતાં લેવામાં આવી નથી. બીજી તરફ રેગ્યુલર અને રેમેડિયલના લગભગ ૧૦૦ પરિણામો પણ લાંબા સમયથી પેન્ડિંગ છે. પરિણામે વિદ્યાર્થીઓના ઉચ્ચ અભ્યાસ અને કારકિર્દી પર અસર પડી રહી છે. આ મામલે કોંગ્રેસના વિદ્યાર્થી નેતાએ શિક્ષણમંત્રીને પત્ર લખી યુનિવર્સિટીમાં કાયમી પરીક્ષા નિયામક અથવા વરિષ્ઠ અધિકારીની નિમણૂક કરી પરીક્ષા અને પરિણામોની સમસ્યાનો તાત્કાલિક ઉકેલ લાવવાની માંગ કરી છે.

# રાજ્યમાં ચાંદીપુરા વાયરસને કારણે વધુ બે બાળકોના શંકાસ્પદ મોત થતા ખળભળાટ

હિંમતનગર,તા.૧૩

ગુજરાતમાં ચાંદીપુરા વાયરસની સ્થિતિ ચિંતાજનક બની રહી છે. હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન અરવલ્લીની ૩ વર્ષની બાળકીનું મોત નીપજ્યું છે, જોકે તેનો રિપોર્ટ નેગેટિવ આવ્યો હતો. સિવિલમાં અત્યાર સુધી આવા ૬ દર્દીઓએ દમ તોડ્યો છે. બીજી તરફ, પંચમહાલના ગોધરા પાસેના મણીપુર ગામના ૪ વર્ષના બાળકમાં લક્ષણો દેખાતા તેને અમદાવાદ




ખસેડતી વખતે રસ્તામાં જ મોત થયું હતું. તેના સેમ્પલ લેબમાં મોકલાયા છે. પંચમહાલના અન્ય બે બાળકો હાલ વડોદરાની સયાજી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

ચોમાસામાં સેન્ડફ્લાય (રેતી માખી) દ્વારા ફેલાતો આ વાયરસ મુખ્યત્વે ૧૫ વર્ષથી નાની ઉંમરના બાળકોના મગજ પર સીધો હુમલો કરે છે. ૧૯૬૫માં મહારાષ્ટ્રના ચાંદીપુરા ગામમાંથી મળી આવેલા આ વાયરસને કારણે ગ્રામીણ અને માટીના ઘરો ધરાવતા વિસ્તારોમાં તકેદારી રાખવી જરૂરી બની છે.

# અમદાવાદમાં રથયાત્રા પૂર્વે મુસ્લિમ સમાજ દ્વારા એકતા રથ અર્પણ, ભાઈચારાનો સંદેશ આપ્યો

અમદાવાદ,તા.૧૩

અમદાવાદમાં ૧૬ જુલાઈએ યોજાનારી ભગવાન જગન્નાથજીની ૧૪૯મી ઐતિહાસિક રથયાત્રા પૂર્વે કોમી એકતા અને સૌહાર્દનું અનોખું દૃશ્ય જોવા મળ્યું છે. મુસ્લિમ સમાજ દ્વારા પરંપરાગત રીતે એક વિશેષ 'એકતા રથ' તૈયાર કરીને જગન્નાથ મંદિરના મહંતને




અર્પણ કરવામાં આવ્યો હતો, જે શહેરમાં શાંતિ અને ભાઈચારાનો મજબૂત સંદેશ આપે છે.

બીજી તરફ, રથયાત્રાની તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પહિંદ વિધિ કરીને રથયાત્રાને પ્રસ્થાન કરાવશે. આ વર્ષે યાત્રામાં શણગારેલા ૧૮ ગજરાજ અને વિવિધ થીમ આધારિત ૧૦૧ ટ્રકો મુખ્ય આકર્ષણ રહેશે. આ ઉપરાંત, ૩૦ અખાડાના સાધકો શૌર્ય પ્રદર્શન કરશે અને ૧૦૦૦થી ૧૨૦૦ જેટલા ખલાસી ભાઈઓ ભગવાનનો રથ ખેંચવાની સેવા આપશે.

# સુરતમાં ખાડી પૂરને કારણે ટેક્સટાઈલ ઉદ્યોગને રૂ. ૨૦૦ કરોડથી વધુનું નુકસાન

સુરત,તા.૧૩

સુરતમાં ખાડી પૂરના કારણે ટેક્સટાઈલ ઉદ્યોગને મોટો આર્થિક ફટકો પડ્યો છે. પ્રાથમિક અંદાજ મુજબ, વરસાદી પાણી ભરાઈ જવાથી રૂ. ૨૦૦ કરોડથી વધુનું નુકસાન થયું છે. શહેરની ૨૬થી વધુ કાપડ માર્કેટોના બેઝમેન્ટમાં પાણી ફરી વળતાં હજારો વાહનો તેમજ કરોડો રૂપિયાની સાડીઓ,



ડ્રેસ મટિરિયલ અને અન્ય કાપડનો માલસામાન નાશ પામ્યો છે. પૂરના ચાર દિવસ બાદ પણ કુબેરજી ટેક્સટાઈલ માર્કેટના બેઝમેન્ટમાં પાણી ભરાયેલાં રહેતાં વેપારીઓ માલ બહાર કાઢી શક્યા નથી. તંત્ર દ્વારા પંપિંગ કરી પાણી નિકાલની કામગીરી ચાલુ છે, પરંતુ લાંબા સમય સુધી ભેજ અને પાણી રહેવાથી વેપારીઓની મુશ્કેલીઓ વધી છે. આર્થિક સંકટમાં મુકાયેલા વેપારીઓએ હવે સરકાર સમક્ષ યોગ્ય સર્વે કરી રાહત-સહાય આપવાની માંગ કરી છે.

# દાંતા સિવિલ હોસ્પિટલમાં દર્દીને એક્સપાયરી ડેટની બોટલ ચડાવતા પરિવારનો હોબાળો

બનાસકાંઠા,તા.૧૩

બનાસકાંઠાની દાંતા સિવિલ (રેફરલ) હોસ્પિટલમાં એક મહિલા દર્દીને એક્સપાયરી ડેટ પૂરી થઈ ગયેલી આઈવી બોટલ ચડાવવામાં આવી હોવાનો ગંભીર મામલો સામે આવ્યો છે. પરિવારજનોનો આક્ષેપ છે કે બોટલ ચડાવ્યા બાદ મહિલાને શરીરે સોજા આવવા લાગ્યા હતા અને તે સમયે હોસ્પિટલમાં કોઈ તબીબ હાજર નહોતા. બોટલ ચેક કરતાં તે એક્સપાયરી ડેટની હોવાનું ખુલતાં પરિવારે ભારે હોબાળો મચાવ્યો હતો. આ ઘટના અંગે હોસ્પિટલના મેડિકલ ઓફિસરે પ્રાથમિક બેદરકારીનો સ્વીકાર કર્યો છે. તેમણે સ્પષ્ટતા કરી કે ઈન્જેક્શન સાચાં હતાં, પણ બોટલ એક્સપાયરી ડેટની હતી. આરોગ્ય તંત્રએ આ ચકચારી મામલાની ગંભીરતા જોઈને સમગ્ર સ્ટોકની તપાસના આદેશ આપ્યા છે અને જવાબદારો સામે કાર્યવાહી કરવાની ખાતરી આપી છે.

# ભાભર-દિયોદર હાઈવે પર ગમખ્વાર અકસ્માતમાં એમ્બ્યુલન્સ અને કારની ટક્કરમાં બેનાં કરૂણ મોત

બનાસકાંઠા,તા.૧૩

બનાસકાંઠા જિલ્લાના વાવ-થરાદને જોડતા ભાભર-દિયોદર હાઈવે પર ખારા ગામના પાટિયા નજીક એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો છે. અહીં એક એમ્બ્યુલન્સ અને કાર વચ્ચે સામસામે પ્રચંડ ટક્કર થઈ હતી. આ ગંભીર અકસ્માતમાં બે વ્યક્તિઓનાં ઘટનાસ્થળે જ કમકમાટીભર્યાં મોત નીપજ્યાં હતાં.

ઘટનાની જાણ થતાં જ સ્થાનિક લોકો અને ભાભર પોલીસ ત્વરિત ઘટનાસ્થળે પહોંચ્યા હતા. પોલીસે હાઈવે પર સર્જાયેલો ટ્રાફિક જામ હળવો




કરીને વાહનવ્યવહાર પૂર્વવત કરાવ્યો હતો. બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ભાભર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે અને પોલીસે અકસ્માત અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.




# ભરૂચમાં ક્લાસ-વન અધિકારીનો આપઘાત, સુસાઈડ નોટમાં આર્થિક સંકટનો ઉલ્લેખ

ભરૂચ,તા.૧૩

ભરૂચના ઝાડેશ્વર વિસ્તારની રામેશ્વર પાર્ક સોસાયટીમાં રહેતા આયોજન વિભાગના ક્લાસ-વન અધિકારી પિયુષભાઈ ઉકાણીએ ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો છે. ઘટના સમયે તેઓ ઘરે એકલા હતા. પોલીસને તપાસ દરમિયાન એક સુસાઈડ નોટ મળી આવી છે, જેમાં આર્થિક સંકટ, લોન અને ક્રેડિટ કાર્ડના વધતા દેવાને કારણે માનસિક તણાવ હોવાનો ઉલ્લેખ કરાયો છે.

મૃતક મૂળ અમરેલી જિલ્લાના વતની હતા અને તાજેતરમાં જ ભરૂચ બદલી થતાં ભાડાના મકાનમાં



રહેતા હતા. સી-ડિવિઝન પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ભરૂચ સિવિલ હોસ્પિટલ ખસેડી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ અકાળ અવસાનથી પરિવાર અને સાથી કર્મચારીઓમાં શોક વ્યાપી ગયો છે.

